**સુવિચાર**
''આપણે ધરતી ઉપર આવેલાં પ્રવાસી છીએ, કાયમી નિવાસી નહીં.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૧૨/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર વદ-૧ વર્ષ : ૧૬ અંક : ૨૯૯

## વહીવટી તંત્ર કુતરા કરડવાથી બચવાનાં ઉપાયો દર્શાવવા લાગ્યું

# રખડુ કુતરાને તો પકડીશુ, પણ તમે સાવધાની રાખો

**રખડુ કુતરૂ પાછળ પડે કે ભસે તો બાળકોથી લઈને સૌને શું કરવું તેની ખબર જ હોય છે**

**કુતરૂ ભસે કે પાછળ દોડે એટલે કોઈ તેની સાથે માથાકૂટ કરે નહી અને દોટ જ લગાવે**

**છતાં કુતરૂ કરડે તો સૌ હોસ્પિટલે ઈન્જેકશન લેવા માટે દોડી જતાં હોય છે**

**શહેરીજનોને કુતરાથી રક્ષિત કરવા માટે ખસીકરણ કે અન્ય કાર્યો કરવાની જરૂર છે**

અમરેલી, તા. ૪

ઉચ્ચઅદાલતે રખડુ કુતરા સામે કાર્યવાહી કરવા સરકારને આદેશ કર્યા બાદ હવે, પાલિકાનાં શાસકોને કુતરાની સમસ્યા નજરે ચડી છે. "અમરેલી એક્સપ્રેસ" સહિતનાં મીડિયા જગતમાં સેંકડો વખત રખડુ કુતરાની સમસ્યા અંગે અહેવાલ પ્રસિધ્ધ થયા છતાં પાલિકાનાં શાસકોએ આળશ ખંખેરી નહતી અને હવે કોર્ટનાં આદેશ બાદ કુતરા પકડવાને બદલે બાળકોથી લઈને સૌને કુતરાથી બચવાનાં ઉપાયો અંગે સમજણ આપવાનું અભિયાન શરૂ થયું છે.

સામાન્ય રીતે બાળકથી લઈને સૌ કોઈને કુદરતી રીતે જ ખબર હોય છે કે કુતરૂ ભસે કે પાછળ દોડે એટલે દોટ લગાવવાની હોય અને છતાં કુતરૂ બચકુ ભરે એટલે ઈન્જેકશન લેવાનું હોય છે. પરંતુ, પાલિકાનાં શાસકો એવું માને છે કે કોઈને કુતરાથી બચવાની ખબર નથી. આ તો કુદરતી ખબર હોય છે કે કુતરૂ ભસે કે પાછળ દોડે તો શું કરવું તેની સમજણ આપવી કરતાં રખડુ કુતરાની નસબંધી કરો અથવા તો ડોગ હોસ્ટેલ જેવી વ્યવસ્થા કરવાની જરૂર છે.

જો કે પાલિકાએ ભવિષ્યમાં ખસીકરણ સહિતની કામગીરી કરવાનું આશ્વાસન આપેલ હોય જોઈએ હવે, શહેર સહિત સમગ્ર જિલ્લામાંથી કુતરાની સમસ્યાનું નિરાકરણ થાય છે કે પછી જૈસે થે પરિસ્થિતિ રહે છે.

## પાંચેક વર્ષથી માનસિક રીતે અસ્વસ્થ રહેતી હોય

# ધારીનાં રામપરા ગામની તરૂણીએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**સ્થાનિક પોલીસમાં જાહેરાત કરવામાં આવી**

અમરેલી, તા. ૪

મુળ રાજસ્થાનના વતની અને હાલ ધારી તાલુકાના રામપરા ગામે ચલાલા ગામ જવાના રસ્તે ભનુભાઈ રામભાઈ સુતરીયાની વાડીએ રહેતી કમળાબેન મોહનભાઈ પારગી નામની ૧૭ વર્ષીય તરૂણી છેલ્લા પાંચેક વર્ષથી માનસીક અસ્વસ્થ હોય, ગત તા.૨ના રોજ સાંજના નવેક વાગ્યાના અરસામાં રામપરા ભનુભાઈ સુતરીયા ખેતરમાં આવેલ પીજીવીસીએલ થાંભલામાં વચ્ચે પાઈપનો ટુકડો લગાવેલ હતો. ત્યાં ચુંદડી વડે પોતે પોતાની મેળે ગળેફાંસો ખાઈ લેતાં તેણીનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## શિકારી જ શિકાર બની ગયો

# ધારીનાં મોણવેલ ગામે વીજશોક લાગવાથી દીપડાનું મોત નિપજયુ

**પીજીવીસીએલ અને વન વિભાગે જરૂરી કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાના માનવ વસ્તીવાળા વિસ્તારમાં છાશવારે વન્ય પ્રાણીઓ ઘુસી આવી માનવીઓ અને તેમનાં પાલતું પ્રાણીઓ ઉપર હુમલાઓ કરવાનાં બનાવો હવે સામાન્ય બન્યાં છે. હજુ થોડા સમય પહેલાં બગસરા તથા ધારી પંથકમાં બે બાળકીઓ આવા વન્ય પ્રાણીઓએ ફાડી ખાધાની ઘટનાઓ સામાન્ય બની છે. ત્યાં આજે ધારી તાલુકાના મોણવેલ ગામમાં વીજશોક લાગવાથી એક દીપડાનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલછે.

આ બનાવમાં જાણવાં મળતી વિગત મુજબ ધારી તાલુકાના મોણવેલ ગામે રહેતાં ખેડૂત

અનુસંધાન પાના ૬ ઉપર



## જિલ્લામાં ૧૨ વર્ષ બાદ પૂનઃ કેસ દેખાતા તપાસ શરૂ

# સાવરકુંડલા પંથકમાં આવેલ આશ્રમની શાળામાં ધો. ૧૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીમાં કોંગો ફીવરનાં લક્ષણ

**આરોગ્ય વિભાગની ટીમે જરૂરી નમૂના લઈને જરૂરી કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં આશરે ૧૨ વર્ષબાદ ફરી એક વખત એક ૧૬ વર્ષની ઉંમરના અને એક સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીમાં કોંગો ફીવરનો લક્ષણ જોવાં મળતાં તેમને પ્રથમ સાવરકુંડલા અને વધુ સારવાર માટે અમદાવાદ ખાતે ખસેડવામાં આવેલ છે. ત્યારે આ કેસ કોંગો ફીવરનો શંકાસ્પદ હોવાથી શકયતા હોય. ત્યારે આ બનાવથી અમરેલી જિલ્લામાં ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. ત્યારે બનવાની જાણ આરોગ્ય વિભાગને થતાં અમરેલી આરોગ્યની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. અને સેમ્પલ મેળવ્યા હતા. જયારે બપોર બાદ સાવરકુંડલા પશુ દવાખાનાની ટીમ દ્વારા ગૌશાળા અને આસપાસના વિસ્તારમાં કરવામાં આવશે. દવાનો છટકાવ કરવામાં આવેલ છે.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવાં મળતી વિગત મુજબ



અનુસંધાન પાના ૬ ઉપર

## નિવૃત્ત કર્મચારીની ફરિયાદ બાદ ચુકાદો

# સાવરકુંડલા સીનિયર સિવિલ અને પ્રિન્સિપાલ સિવિલ કોર્ટ દ્વારા મહિલા સંચાલકને ૨ વર્ષની સાદી સજા

**વડોદરાનાં પ્રમુખ એકેડમીના સંચાલકને સજા જાહેર**

અમરેલી, તા. ૪

સાવરકુંડલાના રહેવાસી અને નિવૃત કર્મચારી ઋષિતકુમાર મુકન્દરાય મહેતા પાસેથી વડોદરાના રહેવાસી અને પ્રમુખ એકેડમીના

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,16,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડોકટર હાઉસ અમરેલી ખાતે પ્રથમ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત — તા.૦૭/૧૨/૨૦૨૫ - રવિવાર, સવારે ૦૯:૦૦ થી ૦૯:૦૦
ડો. કોમલ ઉનડકટ — ઈન્ફ્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ, સ્ત્રી રોગ અને વંધ્યત્વના રોગોનાં નિષ્ણાંત — તા.૦૭/૧૨/૨૦૨૫ - રવિવાર, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો. મૌલીક ભડાણીયા — ગેસ્ટ્રોસર્જન, પેટ - આંતરડા - લીવરનાં સર્જન — તા.૦૫/૧૨/૨૦૨૫ - શુક્રવારે, સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
ડો.ધવલ તન્ના — રૂમેટોલોજીસ્ટ, વા, સાંધા અને સ્નાયુના દુઃખાવાના નિષ્ણાંત — તા.૦૬/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૯:૦૦
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

કેમ્પ...કેમ્પ... 88491 29363 કેમ્પ...કેમ્પ...
હે...? બહેરાશ મટી શકે ???
હા, હવે બહેરાશ જેવા અસાધ્ય રોગ મટી શકે છે.
વગર મશીને, ઓપરેશન વગર
અત્યાધુનિક સારવારથી બહેરાશ મટાડો
સારવાર ના કલાકોમાં જ સંભળાવવાનું શરૂ થઇ જાય છે.
ડો. નિલેશ દવે (BHMS, PGDHM, HRM)
ફોન નં : 88491 29363 | 07 ડિસેમ્બર 2025, રવિવાર
ફોન ઉપર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
-:: કેમ્પનું સ્થળ ::-
હોટલ સીટી પેલેસ, ત્રીજે માળે, નવા બસસ્ટેન્ડ સામે, અમરેલી

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા.૧૦,૦૦૦ કે તેથી વધુ સોના-ચાંદીના દાગીનાની ખરીદી કરો અને મેળવો લાખોની ઈનામો જીતવાની તક...
તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
63 56 56 00 00
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
MO.96018 98981

# અમરેલી નગરપ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં ફાયર, ૧૦૮ અને પ્રાથમિક ઉપચારની સમજ અપાઈ



અમરેલી નગરપાલિકા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત શાળાઓમાં ધોરણ ૬ થી ૮નાં બાળકો માટે ફાયર, ૧૦૮ સેવા, પ્રાથમિક ઉપચારની સમજ આપવા માટે દરેક શાળાની સંખ્યા મુજબ સાપ્તાહિક આયોજન કરવામાં આવેલ જે અંતર્ગત ટીમ દ્વારા આયોજન મુજબ શાળામાં બાળકોને પ્રેક્ટિકલ સમજ આપવામાં આવી. આ કાર્યક્રમોમાં ટીમ ફાયર, ટીમ ૧૦૮ સેવા, ટીમ પ્રાથમિક ઉપચાર દ્વારા બાળકોને સુંદર સમજ આપવામાં આવી. આકસ્મિક બનતી ઘટનાઓમાં આ સેવાઓ કેવી કેવી મદદ કરી શકે તે બાબતે સમજાવવામાં આવ્યા. આ તકે અમરેલી નગરપાલિકાનાં પ્રમુખ બીપીન લિંબાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલીનાં ચેરમેન તુષાર જોષી, ચીફ ઓફીસર વી.સી. રાઠોડ, વાઈસ ચેરમેન ડી.સી. ગોલ, શાસનાધિકારી એ.એચ. જોષીએ આવેલ ફાયર, ૧૦૮, પ્રાથમિક ઉપચારની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા. તથા આ કાર્યક્રમને સફળ બાનાવવા આચાર્યો, શિક્ષકો તથા સી.આર.સી. તથા ઓફીસ સ્ટાફને બિરદાવ્યા હતા. એમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલીનાં સંદિપ વામજાની યાદી જણાવે છે.


**આંબાનો બગીચો વેચવાનો છે.**

ધારીથી માત્ર ૫ કિલોમીટર દુર...
ધારી–અમરેલી રોડ ઉપર કુલ–૨૧ વીઘા

આંબા – ૧૩૦૦ + ૭૦૦ = ૨૦૦૦
૮ વર્ષના ૪ વર્ષના ટોટલ આંબા

રાવણા - ચીકુ - લીંબુડી - નાળીયેરી
૨૦ HP/ ૧૫ HP નાં ૨(બે) કનેકશન
૭૫૦ ફુટના ૨ (બે) બોર
૧૫ વીઘામાં જીણીનેટ બાંધેલ
મજુરો માટે ૨ (બે) પતરાની રૂમો

સંપર્ક મો. ૯૬૩૮૪ ૫૨૩૩૩



WALK IN INTERVIEW

જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઈએ છે

GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL

B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.

SALARY : Rs. 40 / Hour (Starting) + EPF

TIME : MONDAY to SATURDAY
8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM

E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com

MAHAJAN TELNET LLP.
95 86 86 86 45


શાખપુર ગામનાં સરપંચની આમરણાંત ઉપવાસની ચીમકી

## ગારિયાધાર–દામનગર–મણિનગર રૂટની એસ.ટી. બસ પૂનઃ શરૂ ન થાય તો આંદોલન

### ઢોલ–નગારા સાથે ગારિયાધાર ડેપોમાં કરાશે ઉપવાસ

દામનગર, તા. ૪

ગારીયાધાર ડેપોની ગારીયાધાર મણિનગર બસ બંધ કરાતા શાખપુર જસુભાઈ ખુમાણ બસ આઠ દિવસમાં શરૂ કરવામાં નહીં આવે તો ઢોલ નગારા સાથે ગારીયાધાર ડેપોમાં ૨૪ કલાકના આમરણાંત ઉપવાસ કરશે અવારનવાર રજૂઆત કરવા છતાં ગારીયાધાર ડેપોના અંધેર વહીવટના કારણે શાખપુર, નાની વાવડી, પાંચ તલાવડા, નાના કણકોટ, પાડરશીંગા ગ્રામ્ય સહિતના દામનગર વિસ્તાર પેસેન્જરોમાં ભારે તકલીફ પડી રહી છે કેટલીક વખત રજુઆતો કરવી



અવારનવાર ઉચ્ચ અધિકારીઓ કંડકટર નથી ડ્રાઈવરો નથી જેવા બહાના હેઠળ આ રૂટ કેન્સલ કરવામાં આવે છે જેથી વહેલી તકે ગારીયાધાર મણિનગર શરૂ કરવામાં નહીં આવે તો ગારીયાધાર ડેપ ખાતે ઢોલ નગારા સાથે આમરણાંત ઉપવાસ કરશે.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭



**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


તાલુકાનાં ૪ સેન્ટરમાં મંગલ પ્રારંભ

## અરે વાહ : બાબરામાં સીસીઆઈ દ્વારા કપાસની ટેકાના ભાવે ખરીદી શરૂ કરાઈ

### ખેડૂતો કોઈપણ જિન હાઉસમાં નોંધણી કરાવી શકશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૪

બાબરામાં મગફળીની રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે અને હવે કપાસની ટેકાના ભાવે પણ ખરીદી કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે જેના માટે બાબરા શહેરમાં ત્રણ અને ગ્રામ્ય વિસ્તારોમાં એક સેન્ટર ઉભું કરવામા આવ્યું છે.

નગરપાલિકા પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા દ્વારા વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે ખેડૂતોને પૂરતો અને પોષણક્ષમ ભાવ પોતાની ખેત જણસનો મળે તેમાટે રાજય અને કેન્દ્ર સરકાર સતત ચિંતિત છે અને તેના માટેના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે હાલ રાજય સરકાર દ્વારા મગફળીની ખરીદી ગુજકોમોસલ મારફતે કરવામાં આવી રહી મોટા પ્રમાણમાં ખેડૂતો મગફળી ટેકાના ભાવે આપી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા સીસીઆઈ મારફતે ટેકાના ભાવે કપાસની ખરીદી કરવામાં આવી રહી છે રૂ ૧૬૧૨ કેન્દ્ર સરકાર દ્વારા કપાસનો ટેકાનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે.

બાબરા શહેરમાં અમરેલી રોડ પર આવેલ ભગવતી કોટન તેમજ વસાવડ રોડ પર આવેલ રાધેશ્યામ કોટન અને રાધેક્રિષ્ના કોટન એમ કુલ ત્રણ બાબરામાં શહેર અને તાલુકાના ગરણી ગામે આવેલ જે બી કોટન જિનમાં મળી કુલ ચાર સેન્ટર પર સીસીઆઈ દ્વારા ટેકાના ભાવે કપાસની ખરીદી કરવામાં આવશે.

ભાજપ અગ્રણી લલિતભાઈ આંબલિયા દ્વારા વધુમાં જણાવ્યું હતું કે બાબરા શહેર તેમજ તાલુકાના ખેડૂતો કોઈપણ જિન હાઉસમાં પોતાનું રજિસ્ટ્રેશન જરૂરી દસ્તાવેજ પુરાવા આપી કરાવી શકે છે ત્યારબાદ જે નક્કી કરેલા છે તે સેન્ટરમાં ફોન કે મેસેજ આવે એટલે ખેડૂત પોતાનો કપાસ ટેકાના ભાવે કપાસ આપી શકે છે ઉપરોકત ચાર સેન્ટરમાં વધુમાં વધુ ખેડૂતો ટેકાના ભાવે કપાસ આપે તેવો અનુરોધ પણ અંતમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ લલીતભાઈ આંબલિયા દ્વાર કરવામા આવ્યો છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા

PRIME PROPERTY

જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

## ‘‘નશા મુકત ગુજરાત’’ અભિયાન શરૂ, જનતા માટે હેલ્પલાઈન નંબર લોન્ચ

# ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સની બદી સામે કોંગ્રેસનું આંદોલન

**વિશેષ હેલ્પલાઈન દ્વારા ૯૯૦૯૦ ૮૯૩૬૫ પર મિસ્ડ કોલ કરી ‘‘નશા મુકત ગુજરાત’’ને સમર્થન આપી શકાશે**

**ડ્રગ્સ, દારૂ અંગેની ફરિયાદ માટે વોટ્સઅપ મેસેજ કરવા પણ આહ્વાન**

**એનએસયુઆઈ દ્વારા ગુજરાત યુનિવર્સિટીથી વિવિધ કેમ્પસો આવરી લેતી બાઈક રેલી યોજાઈ**

**પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમિત ચાવડા, ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી સહિતનાં આગેવાનો જોડાયા**








અમદાવાદ, તા. ૪

‘નશા મુક ગુજરાત’ અભિયાન હેઠળ ગુજરાત એન.એસ.યુ.આઈ. દ્વારા ગુજરાત યુનિવર્સિટીથી વિવિધ કેમ્પસો આવરી લઈને બાઈક રેલી યોજાઈ જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા, કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ તથા ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી, યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા સહિતના યુવા સાથીઓ–આગેવાનો જોડાયા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલ, એન.એસ.યુ.આઈ. ગુજરાતના પ્રમુખ નરેન્દ્ર સોલંકી સહિતના કોંગ્રેસના અગ્રણી નેતાઓએ રાજયમાં દારૂ અને ડ્રગ્સના વ્યાપક દુષણ પર ચિંતા વ્યકત કરી હતી. આ ગંભીર સામાજિક સમસ્યા સામે લડવા માટે એક વ્યાપક ‘નશા મુકત ગુજરાત’ અભિયાનની સત્તાવાર જાહેરાત કરી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ ‘ જનઆક્રોશ યાત્રા’ના તારણો રજૂ કરતાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના ત્રણ દાયકાના શાસનમાં ગુજરાતની યુવા પેઢી અને પરિવારો નશાની બદીથી પીડાઈ રહ્યા છે. ‘આ ડબલ એન્જિનની સરકારમાં રાજયના તમામ વર્ગના લોકો ત્રસ્ત છે. અમારી જનઆક્રોશ યાત્રા દરમિયાન ગામે–ગામથી એક જ આક્રોશ સાંભળવા મળ્યો કે ગુજરાતમાં પીવાનું પાણી ભલે ન મળે, પણ દારૂ ખુલ્લેઆમ મળી રહ્યો છે. આ દારૂની રેલમછેલ પાછળનું એકમાત્ર કારણ પોલીસ, પ્રશાસન અને ગાંધીનગરમાં બેઠેલી સરકારની અકર્મણ્યતા છે. આ ભ્રષ્ટ તંત્રને નિયમિત હપ્તા મળતા હોવાથી બુટલેગરો બેફામ બન્યા છે.’

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ ડ્રગ્સના વધતા વેપાર પર ગંભીર સવાલો ઉઠાવતા કહ્યું, ‘છેલ્લા દસ વર્ષમાં ગુજરાત જાણે ડ્રગ્સનું લેન્ડિંગ હબ, મેન્યુફેકચરિંગ હબ અને રીટેલિંગ હબ બની ગયું છે. અદાણી પોર્ટ હોય કે અન્ય દરિયાકાંઠાના વિસ્તારો, કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાઈ રહ્યું છે. હવે તો ફાર્મા અને કેમિકલ કંપનીઓની આડમાં પણ ગેરકાયદે ઉત્પાદન થઈ રહ્યું છે. દુઃખની વાત એ છે કે, દારૂ અને ડ્રગ્સના રવાડે ચઢેલા યુવાનોને કારણે અનેક પરિવારો, અનેક જિંદગીઓ બરબાદ થઈ છે. નાની ઉંમરે આપણી બહેન–દીકરીઓ વિધવા બની રહી છે. મહિલાઓએ અમને કહ્યું છે કે, હવે સહનશીલતાની હદ આવી ગઈ છે, અમારે રસ્તા પર ઉતરીને લડવું છે.’ ‘ આ કોઈ રાજકીય કાર્યક્રમ નથી, અત્યારે કોઈ ચૂંટણી નથી, પણ આ ગુજરાતની અસ્મિતા માટેની લડાઈ છે. અમે ‘નશા મુકત ગુજરાત’ અભિયાન શરૂ કરી રહ્યા છીએ. હું તમામ જ્ઞાતિ, જાતિ, ધર્મ અને પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને ગુજરાતના ભવિષ્ય માટે આ લડતમાં જોડાવા આહ્વાન કરૂં છું.’

કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલએ જણાવ્યું, ‘ ભૂતકાળમાં પંજાબમાં ડ્રગ્સની બદી સામે કોંગ્રેસ સરકારે કડક પગલાં લીધા હતા. તો શા માટે ગુજરાતમાં ‘ઉડતા ગુજરાત’ જેવી પરિસ્થિતિ ઉભી થઈ છે ? સરકાર માત્ર નાના ડ્રગ્સ પેડલરોને પકડીને સંતોષ માને છે, પણ મોટા માફિયાઓ સુધી સરકારનો હાથ કેમ નથી પહોંચતો ? ગુજરાત પાસે લાંબો દરિયા કિનારો હોવા છતાં, માત્ર ગુજરાત જ ડ્રગ્સનું લેન્ડિંગ હબ કેમ બન્યું ? સરકારે આનો જવાબ આપવો પડશે.’ ‘ડ્રગ્સના આ દુષણથી ગરીબ વર્ગ જ નહીં, પણ સુખી–સમૃદ્ધ અને મધ્યમ વર્ગના બાળકો પણ બરડાઈ રહ્યા છે. ડ્રગ્સ માફિયાઓનું સૌથી મોટું માર્કેટ કોલેજ કેમ્પસ છે. અમે આગામી દિવસોમાં એનએસયુઆઈના માધ્યમથી ૧૦૦૦થી વધુ કોલેજોમાં જઈને વિદ્યાર્થીઓને નશો ન કરવાની શપથ લેવડાવશું અને ‘ડ્રગ્સ ફ્રી કેમ્પસ’નું અભિયાન ચલાવશું.’

ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ સરકાર સામે આક્રમક સવાલો કર્યા હતા. ‘૭૨,૦૦૦ કરોડના ડ્રગ્સના મુદ્દે સરકાર સાચો આંકડો રજૂ કરવા માટે વ્હાઈટ પેપર કયારે રજૂ કરશે ? પાકિસ્તાનથી ડ્રગ્સ આવતું હોય તો સરકાર સીસફાયર કરતી વખતે ડ્રગ્સ ન લાવવાની શરત કેમ નથી મૂકતી ? કયા એ માણસો છે જે આટલી મોટી કિંમતનું ડ્રગ્સ ખરીદવાના હતા ? આના માફિયાઓ કેમ નથી પકડાતા ?’ ‘ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી આજે છાતી ઠોકીને કહી શકતા નથી કે તેમના પોતાના વિધાનસભા ક્ષેત્રમાં દારૂ, જુગાર કે કુટણખાનાના અડ્ડા નથી ચાલતા. અમે જનતાને બાંહેધરી આપીએ છીએ કે કોંગ્રેસના સિપાઈ તરીકે અને એક જાગૃત નાગરિક તરીકે અમે તમારી માહિતીને ગુપ્ત રાખીને આ ભ્રષ્ટ તંત્ર સામે લડશું. આ મુહિમમાં તમારો સાથ–સહકાર અનિવાર્ય છે.’

ગીતાબેન પટેલ: ‘ મહિલાઓ રોડ પર ઉતરીને અડ્ડાઓ પર રેડ પાડશે.’

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલએ મહિલાઓના પીડાને વાચા આપીને જણાવ્યું, ‘દારૂ પીને આવેલા માણસને તો ઘરના સભ્યો ઓળખી શકે છે, પરંતુ ડ્રગ્સ લઈને આવતા યુવાનને તેના માતા–પિતા પણ ઓળખી શકતા નથી અને યુવાન મોતને ભેટે છે. ડ્રગ્સ અને દારૂના કારણે મહિલાઓ પર થતા અત્યાચારો, બળાત્કાર અને શોષણ વધી રહ્યા છે.’ તેમણે મહિલા કોંગ્રેસનો કાર્યક્રમ રજૂ કરતાં કહ્યું, ‘આવતી કાલથી મહિલા કોંગ્રેસ સૌરાષ્ટ્રના પ્રવાસે નીકળશે. દરેક જિલ્લા અને તાલુકાની બહેનો સાથે જોડાઈને નશાબંધી અભિયાન ચલાવવામાં આવશે. જયાં પણ દારૂ, ડ્રગ્સ કે ચરસ–ગાંજાના અડ્ડા હશે, તેની જાણકારી પોલીસને કરાશે. જો પોલીસ પગલાં નહીં લે, તો મહિલાઓ રોડ પર ઉતરીને અડ્ડાઓ પર રેડ પાડશે અને આંદોલન કરશે.’

કોંગ્રેસ પાર્ટીએ ગુજરાતને નશા મુકત કરવા માટે આ અભિયાનમાં જોડાવા માટે જનતાને વિનંતી કરી છે અને નીચેનો હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે : જેમાં મિસ્ડ કોલ કરીને તેને સમર્થન આપી શકાશે તથા વોટસઅપ મેસેજ દ્વારા દારૂ, જુગાર અથવા ડ્રગ્સ વિશેની માહિતી આપી શકાશે.

જનતા માટે વિશેષ હેલ્પલાઈન નંબર –૯૯૦૯૦ ૮૯૩૬૫

## સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત

# બાળકોમાં મેદસ્વિતા આવે નહિ તે માટે તકેદારીના પગલા ભરવા જરૂરી

**બાળકોનો સ્ક્રિન ટાઇમ ઓછો કરવો અને આઉટડોર રમત તેમજ વ્યાયામ માટે પ્રોત્સાહિત કરવા**

અમરેલી, તા. ૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે રાજય સરકાર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ‘સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત’નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સ્વસ્થ જીવન શૈલી અપનાવી જનજન સુધી આ સંદેશો પ્રસરાવવા માટે કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે. મેદસ્વિતા અને વધુ પડતો વજન એ આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. જો કે, તકેદારીના પગલાં ભરવાથી મેદસ્વિતાનું નિવારણ લાવી શકાય છે. ખાસ કરીને બાળકોમાં મેદસ્વિતા આવે નહિ તે માટે તકેદારીના પગલા ભરવા જરૂરી છે. બાળકો, મહિલાઓ અને યુવાનો પુરૂષો સૌ કોઈ ખાનપાન, જીવનશૈલીમાં પરિવર્તન કરી મેદસ્વિતા મુકત થઈ શકાય છે.

ટેકનોલાજીના એડવાન્સમેન્ટ સાથે બાળકો પણ હાઈટેક ઉપકરણોનો ઉપયોગ કરી રહ્યા છે, જેના કારણે બાળકોનો સ્ક્રિન ટાઈમ વધી રહ્યો છે. ડિજિટલ ઉપકરણોના ફાયદા સામે કેટલાક ગેરફાયદા છે અને તેમાનો એક ગેરફાયદો વ્યાયામ અને આઉટડોર રમતોનું પ્રમાણ ઘટી રહ્યું છે જેના કારણે બાળકોનો સ્ક્રિન ટાઈમ વધી રહ્યો છે. માતાપિતાએ બાળકોમાં મેદસ્વિતા આવે નહિ તે માટે તેમનો સ્ક્રિન ટાઈમ ઓછો કરી અને રમતગમત માટે પ્રોત્સાહન કરવા જોઈએ.

મેદસ્વિતા માટે ખાનપાન પણ ખૂબ જવાબદાર છે. ઝડપી જીવનશૈલીમાં પેકેજડ અને પ્રોસેસ ફૂડનું પ્રમાણ વધી રહ્યું છે અને તાજો અને પૌષ્ટિક આહાર વિસરાઈ રહ્યો છે. કુમળી વયે બાળકોમાં પેકેજડ ફૂડનું વળગણ ન થાય તે માટે તેમને રોજિંદા આહારમાં તાજો અને પૌષ્ટિક આહાર આપવો જોઈએ.

તાજા ફળો અને શાકભાજીમાં વિટામીનનો ભરપૂરત સ્રોત હોય છે જે રોજિંદા જીવનમાં આવશ્યક છે. બાળકોમાં ફળોની આદત કેળવી શકાય તે માટે તેમને મનગમતા ફળો ખવડાવવા જોઈએ જેનાથી તેમની ન્યુટ્રિશનની માંગ પણ પૂરી થઈ શકે અને તેમનો સર્વાંગી વિકાસ થાય.

જીવનશૈલી પરિવર્તનમાં ખાનપાન મહવનું અંગ છે, મેંદાવાળી ચીજવસ્તુઓ, મીઠાઈઓ, નાસ્તાના પેકેટ તેમજ કોલ્ડ્રીંક્સ સરળતાથી ઉપલબ્ધ થઈ જાય છે પરંતુતે આરોગ્યપ્રદ નથી. બાળકોના સર્વાંગી શારીરિક વિકાસ અને આરોગ્ય માટે તેમને જંકફૂડ ન આપવું જોઈએ.

મેદસ્વિતા–જાડાપણા અંગે અગમચેતી એ જ સલામતી છે. મેદસ્વિતાના કારણે નોન કોમ્યુનિકેશન ડિસિઝનો સામનો કરવો પડી શકે છે. મેદસ્વિતા અંગની જાણકારી માટે ઊંચાઈ અને વજન સાથે બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ)ના પરિમાણનો આધાર લેવા માટે આવે છે. નજીકના આરોગ્ય કેન્દ્ર પર વજન અને ઊંચાઈ માપી શકાય છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241





















### નીતિન ગડકરીએ નવી સિસ્ટમ અંગે લોકસભામાં મોટું નિવેદન આપ્યું

# આવતા વર્ષથી ટોલ બૂથ ઉપર ટ્રાફિક જામથી છુટકારો મળી જશે

### વર્તમાન ટોલ કલેક્શન સિસ્ટમ સંપૂર્ણપણે બદલી નાખવામાં આવશે : ટોલ ટેક્સ ઇલેક્ટ્રોનિક રીતે ચૂકવવામાં આવશે : સૌથી વધુ ફાયદો વાહનચાલકોને થશે

નવી દિલ્હી, તા.૪

આવતા વર્ષથી તમારે હવે ટોલ બૂથ પર ટ્રાફિક જામથી છુટકારો મળી જશે. કેન્દ્ર સરકાર આ માટે એક ખાસ સિસ્ટમ પર કામ કરી રહી છે. એકવાર આ સિસ્ટમ લાગુ થઈ ગયા પછી, કોઈપણ વાહનને ટોલ બૂથ પર ચૂકવણી કરવા માટે લાઈનમાં રાહ જોવી પડશે નહીં. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ આ નવી સિસ્ટમ અંગે લોકસભામાં એક મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આગામી વર્ષ દરમિયાન વર્તમાન ટોલ કલેક્શન સિસ્ટમ સંપૂર્ણપણે બદલી નાખવામાં આવશે. હવેથી, ટોલ ટેક્સ ઈલેક્ટ્રોનિક રીતે ચૂકવવામાં આવશે. આનો સૌથી વધુ ફાયદો વાહનચાલકોને થશે.

શિયાળુ સત્ર દરમિયાન આજે ગુરુવારે લોકસભામાં બોલતા, નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, નવી સિસ્ટમ ૧૦ સ્થળોએ શરૂ કરવામાં આવી છે અને આગામી વર્ષ દરમિયાન સમગ્ર દેશમાં તેનો વિસ્તાર કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, તેના અમલીકરણથી હાલની ટોલ સિસ્ટમ ખતમ થઈ જશે. ટોલના નામે તમને કોઈ રોકશે નહીં. ગડકરીએ એમ પણ કહ્યું કે, એક વર્ષની અંદર દેશભરમાં ઈલેક્ટ્રોનિક ટોલ વસૂલાત લાગુ કરવામાં આવશે. દેશભરમાં હાલમાં રૂ.૧૦ લાખ કરોડના ૪,૫૦૦ હાઈવે પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે.

તાજેતરના સત્તાવાર નિવેદન મુજબ, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ નેશનલ ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન (NETC) પ્રોગ્રામ વિકસાવ્યો છે, જે ઈલેક્ટ્રોનિક ટોલ ચુકવણી માટે એકીકૃત ઈન્ટરઓપરેબલ પ્લેટફોર્મ છે, જે ભારતના હાઈવે પર ટોલ વસૂલાતને સુવ્યવસ્થિત કરવા માટે છે. લોકસભામાં બોલતા, નીતિન ગડકરીએ દિલ્હીમાં પ્રદૂષણ પર પણ ટિપ્પણી કરી હતી.તેમણે ગુરુવારે કહ્યું કે, કેન્દ્ર સરકાર વૈકલ્પિક ઈંધણને પ્રાથમિકતા આપી રહી છે અને ટોયોટાની "મીરાઈ" હાઈડ્રોજન ફ્યુઅલ-સેલ કારનો ઉપયોગ શરૂ કરી દીધો છે. પૂરક પ્રશ્નોના જવાબ આપતા, ગડકરીએ કહ્યું કે, હાઈડ્રોજન ભવિષ્યનું ઈંધણ છે. મારી પાસે પણ હાઈડ્રોજનથી ચાલતી કાર છે, અને આ કાર ટોયોટાની છે. તે મર્સિડીઝ જેટલી જ સુવિધા આપે છે. આ કારનું નામ 'મીરાઈ' છે, જેનો જાપાની શબ્દ અર્થ 'ભવિષ્ય' થાય છે.આ વર્ષે ઓક્ટોબરમાં, કેન્દ્ર સરકારે FASTags વગરના વાહનચાલકોને નોંધપાત્ર રાહત આપી હતી. આ રાહતમાં એવી જોગવાઈ હતી કે, જો કોઈ વાહનમાં FASTag ન હોય અથવા તે કામ ન કરતું હોય, તો ટોલ પ્લાઝા પર રોકડમાં બમણો ટોલ ટેક્સ ચૂકવવાને બદલે, જો વાહન UPIનો ઉપયોગ કરીને ચૂકવણી કરે તો ફક્ત ૧.૨૫ ગણો ટોલ ટેક્સ વસૂલવામાં આવશે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે આ અંગે એક સૂચના જાહેર કરી હતી. ૧૫ નવેમ્બરથી દેશભરના ટોલ પ્લાઝા પર આ નવી સિસ્ટમ અમલમાં આવી છે.જૂના નિયમ મુજબ, જો કોઈ વાહનમાં FASTag ન હોય અથવા તે માન્ય ન હોય, તો સામાન્ય ટોલ ફીના બમણા (2X) રોકડમાં ચૂકવવા પડતા હતા, જે એક મોટો દંડ માનવામાં આવતો હતો. પરંતુ હવે ફાસ્ટેગ વગરના અથવા બંધ ફાસ્ટેગવાળા વાહનો UPI દ્વારા ટોલ ફીના ૧.૨૫ ગણા ચૂકવી શકશે. આનો અર્થ એ થયો કે, UPI દ્વારા ચુકવણી પર હવે બમણો ટોલ ટેક્સ વસૂલવામાં આવશે નહીં.

### નિયમ ઓસ્ટ્રેલિયામાં લાગૂ થવા જઈ રહ્યો છે

# સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ૧૬ વર્ષની વય મર્યાદાનો કાયદો લાગુ થશે

### ૧૬ વર્ષ સુધીના ઓસ્ટ્રેલિયન બાળકો Instagram, TikTko, YouTube, X, Snapchat નો ઉપયોગ કરી શકશે નહીં

સીડની, તા.૪

આગામી સપ્તાહથી ઓસ્ટ્રેલિયા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઓછામાં ઓછી ૧૬ વર્ષની વય મર્યાદાનો કાયદો લાગુ કરવા જઈ રહ્યું છે. નવા નિયમો હેઠળ ૧૬ વર્ષ સુધીના ઓસ્ટ્રેલિયન બાળકો Faceboko, Instagram, TikTko, YouTube, X, Snapchat, Reddit, Threads, Kick અને Twitch જેવા પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકશે નહીં.સરકારે તાજેતરમાં જ કડક સૂચના આપતા જણાવ્યું છે કે, જો પ્લેટફોર્મ્સ યોગ્ય પગલાં લેવામાં અસફળ રહેશે, તો તેમના પર ૫૦ મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલર સુધીનો દંડ લાગી શકે છે. આ નિયમ ૧૦ ડિસેમ્બરથી લાગુ થવા જઈ રહ્યો છે.દર મહિને આપવું પડશે રિપોર્ટ કાર્ડ :- કોમ્યુનિકેશન્સ મંત્રી એનીકા વેલ્સે જણાવ્યું કે, ઈસેફ્ટી કમિશ્નર ૧૧ ડિસેમ્બરના રોજ આ ૧૦ પ્લેટફોર્મ્સને નોટિસ ફટકારશે. જેમાં તેમને પૂછવામાં આવશે કે, તેમણે કેટલા સગીરોના એકાઉન્ટ બંધ કર્યા. ત્યારબાદ તેમને છ મહિના માટે માસિક અહેવાલો સબમિટ કરવાની જરૂર પડશે.સરકાર કહે છે કે, Age Assuranceની પ્રોસેસમાં થોડા દિવસો કે સપ્તાહ લાગી શકે છે, પરંતુ જો કોઈ પ્લેટફોર્મ પર સિસ્ટમેટિક ઉલ્લંઘન કરતું જોવા મળશે, તો ભારે દંડ લગાવવામાં આવશે.Google અને Meta આવ્યું એક્શનમાં :- તાજેતરમાં જ Googleએ જાણકારી આપી છે કે, ૧૦ ડિસેમ્બરથી YouTube પર ૧૬ વર્ષથી ઓછી ઉંમરના યુઝર્સને ઓટોમેટિકલી સાઈન-આઉટ કરી દેવામાં આવશે. આવા યુઝર્સ પ્લેલિસ્ટ જેવા ફીચર્સનો ઉપયોગ પણ નહીં કરી શકે. Google ઉંમરની પુષ્ટિ Google એકાઉન્ટના ડેટા અને અન્ય ઈન્ડિકેટર્સના આધારે કરશે.જોકે, Googleએ આ કાયદાની ટીકા કરતા કહ્યું કે, ઉતાવળમાં લાવવામાં આવેલો આ કાયદો પ્લેટફોર્મની ફંક્શનાલિટી અને યંગ યુઝર્સના વ્યવહાર અંગે ગેરસમજ ઊભી કરે છે અને બાળકોની સુરક્ષામાં કોઈ વધારો કરતો નથી.Faceboko, Instagram, Threadsની પેરેન્ટ કંપની Metaએ જણાવ્યું કે, શંકાસ્પદ સગીર વયના એકાઉન્ટ્સને ગુરુવારથી હટાવવાની શરૂઆત કરી દેવામાં આવશે. જો કોઈ ૧૬ વર્ષથી વધારે ઉંમરના યુઝરનું એકાઉન્ટ ભૂલથી ડિલીટ થઈ જાય છે, તો તે YOi Age Verification દ્વારા સરકારી ID કે વીડિયો સેલ્ફી આપીને પોતાની ઉંમર સાબિત કરી શકે છે.કાનૂની લડાઈ પણ શરૂ :- સિડની સ્થિત ડિજિટલ રાઈટ્સ ગ્રુપ ડિજિટલ ફ્રીડમ પ્રોજેક્ટે હાઈ કોર્ટ પાસે કાયદા પર રોક લગાવવાની માંગ કરી છે. બુધવાર સુધીમાં સુનાવણીની તારીખ નક્કી કરવામાં આવ નહોતી. વેલ્સે જણાવ્યું કે, સરકાર આ કાયદાનો બચાવ કરશે, કારણ કે ઓસ્ટ્રેલિયાના માતાપિતાએ સરકાર પાસે બાળકોની ઓનલાઈન સેફ્ટી અંગે પગલાં લેવાની માંગ કરી હતી. દુનિયાભરમાં વધી રહી છે એજ લિમિટની માંગ :- ગત મહિને મલેશિયાએ જાહેરાત કરી હતી કે ૨૦૨૬થી ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ બેન કરશે. વેલ્સે જણાવ્યું કે, યુરોપિયન, ફ્રાન્સ, ડેનમાર્ક, ગ્રીસ, રોમાનિયા અને ન્યૂઝીલેન્ડ પણ સોશિયલ મીડિયા માટે મિનિમમ એજ લિમિટ લાગુ કરવામાં રસ દાખવી રહ્યું છે.

### ૨૦ ડિસેમ્બર સુધી ફરજિયાત પૂર્ણ કરવાનો આદેશ

# ગુજરાતના શિક્ષકો પર ફરી એક નવા કામની જવાબદારી!

### ૧૩થી ૧૪ લાખ વિદ્યાર્થીઓનું ડેટા-મેપિંગ ૨૦ ડિસેમ્બર સુધી પૂર્ણ કરવાનો આદેશ કરવામાં આવતા ખળભળાટ

ગાંધીનગર, તા.૪

રાજ્યના શિક્ષકો પર શિક્ષણ સિવાયના કાર્યોનો ભાર હવે વધુ એક નવા તબક્કામાં પ્રવેશી ગયો છે. કેન્દ્ર સરકારના મહત્ત્વપૂર્ણ 'પ્રધાનમંત્રી ફેમિલી કેર ટ્રેકિંગ' (PM-FCT) પ્રોજેક્ટ માટે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના શિક્ષકોને નવી અને સમય માંગી લે તેવી જવાબદારી સોંપવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ લગભગ ૧૩થી ૧૪ લાખ વિદ્યાર્થીઓનું ડેટા-મેપિંગ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનો આદેશ કરવામાં આવતા શિક્ષક વર્ગમાં ખળભળાટ મચી ગયો છે.

સમગ્ર શિક્ષા અભિયાનના પ્રોજેક્ટ ડિરેક્ટરે જિલ્લા શિક્ષણાધિકારીઓને લખેલા પત્રમાં જણાવ્યું છે કે ભારત સરકાર PM-FCT પ્રોજેક્ટ અમલમાં મૂકવા જઈ રહી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ બાળકના જન્મથી લઈને કિશોરાવસ્થા સુધીના આરોગ્ય, પોષણ અને સામાજિક સુરક્ષા સંબંધિત તમામ ડેટાનો એક જ પ્રવેશબિંદુ (Single Entry) તૈયાર કરવાનો છે. આ હેતુસર, બાળકના જન્મપ્રમાણપત્ર, આંગણવાડી નામાંકન અને શાળાના એડમિશન/સર્ટિફિકેટ– આ ત્રણેય સત્તાધિકારી સંસ્થાઓના ડેટાને એક જ ઉમદા રેકોર્ડમાં સાંકળવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતમાં આ પ્રોજેક્ટ પાયલોટ રૂપે શરૂ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં પહેલેથી જ 'ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ' (CTS) કાર્યરત છે. હવે આ સિસ્ટમને PM-FCT સાથે સમન્વયિત કરવા માટે શિક્ષકોને ક્લાસ-વાઈઝ દરેક વિદ્યાર્થીની વિગતો ચકાસવાની રહેશે. શિક્ષકોને ફરજ સોંપવામાં આવી છે કે તેઓ વિદ્યાર્થીના જન્મના પ્રમાણપત્રમાં દર્શાવેલી તમામ વિગતો (જેમ કે જિલ્લો, તાલુકો, ગામ, જન્મ સ્થળ, જન્મ તારીખ) શાળાના રેકોર્ડ સાથે એકસરખી ધરાવીને મેળ રાખીને મેપિંગ કરે.

શિક્ષકો પહેલેથી જ મતદાર યાદી સુધારણા, સર્વેક્ષણ, અને વિવિધ શૈક્ષણિક-પ્રશાસનિક કામગીરીઓના બોજ હેઠળ છે. તેમાં હવે PM-FCT પ્રોજેક્ટનું આટલું વિશાળ મેપિંગ કામ ઉમેરાતા શિક્ષકવર્ગમાં ભારે નારાજગી અને અસંતોષ જોવા મળી રહ્યો છે. શિક્ષક સંઘોના પ્રતિનિધિઓનું માનવું છે કે આ પ્રકારના કાર્યો શિક્ષણના મુખ્ય હેતુને ગંભીર અસર પહોંચાડે છે. ૧૩-૧૪ લાખ બાળકોના જન્મપ્રમાણપત્ર આધારિત ડેટાનો મેળ રાખવા માટે સમય, ડેટાની ચોકસાઈ, વાલીઓનો સહકાર અને ડિજિટલ ટેકનિકલ પ્રક્રિયાઓનું ભારણ મળીને સમગ્ર પ્રક્રિયાનું વજન સીધું શિક્ષકવર્ગ પર પડે છે. આ આદેશ મુજબ, પ્રાથમિક, ગ્રાન્ટેડ તેમજ ખાનગી શાળાઓ સહિત તમામ સંસ્થાઓને ૨૦ ડિસેમ્બર સુધીમાં આ મેપિંગ પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. આ પ્રક્રિયા પછી ગુજરાત સરકાર M-FCT પ્રોજેક્ટ માટે જરૂરી ડેટા કેન્દ્ર સરકારને સુપ્રત કરશે. ટૂંકા સમયગાળામાં આટલું મોટું ડેટા-મેપિંગ કાર્ય પૂર્ણ કરવું શિક્ષકો માટે એક મોટો પડકાર બની ગયો છે.

### બાળકોના પાણીમાં ડૂબાડી દીધા

# બાળકોની સુંદરતાથી ઈર્ષ્યાને પગલે મહિલાએ ૪ માસૂમના જીવ લીધા

### પોલીસ પૂછપરછમાં તેણે કબૂલ્યું કે, તેને કોઈ બાળક તેના કે તેની દીકરી કરતાં વધુ સુંદર હોય તે સહન થતું નહોતું

પાણીપત, તા.૪

હરિયાણાના પાણીપતની પૂનમ નામની મહિલાએ સુંદર બાળકો પ્રત્યેની ઈર્ષ્યાને કારણે એક ભયાનક ષડયંત્ર રચ્યું હતું. પોલીસ પૂછપરછમાં તેણે કબૂલ્યું કે, તેને કોઈ બાળક તેના કે તેની દીકરી કરતાં વધુ સુંદર હોય તે સહન થતું નહોતું. આ ઈર્ષ્યાને કારણે, આ કિલર મહિલાએ પોતાના ત્રણ વર્ષના દીકરા સહિત કુલ ચાર માસૂમ બાળકોની હત્યા કરી નાખી.

આ મહિલાએ હત્યાની શરૂઆત વર્ષ ૨૦૨૩માં સોનીપતના બોહડ ગામમાં કરી, જ્યાં તેણે પોતાની નણંદની નાની દીકરીને બાથરૂમમાં લઈ જઈને પાણીમાં ડૂબાડી દીધી. પરિવારે આ ઘટનાને અકસ્માત માની લીધો. જોકે, પૂનમને પકડાઈ જવાનો ડર હતો, તેથી શંકા ન જાય તે માટે તેણે પોતાના જ ત્રણ વર્ષના દીકરાને પણ એ જ રીતે પાણીમાં ડૂબાડીને મારી નાખ્યો અને પછી પાગલોની જેમ રડવાનો ઢોંગ કર્યો. વર્ષ ૨૦૨૫માં તેણે ફરી આ જ પદ્ધતિ અપનાવી અને આ વખતે તેના પિયરમાં રહેતી તેના ભાઈની દીકરી એટલે કે ભત્રીજીને નિશાન બનાવી, જેની સુંદરતા તેના માટે ઈર્ષ્યાનું કારણ બની હતી.આ સીરિયલ કિલરના ભયાનક ઈરાદાઓ ૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પાણીપતના નૌલ્થા ગામમાં એક લગ્ન સમારોહ દરમિયાન બહાર આવ્યા. પૂનમે જેઠાણીની ૬ વર્ષની દીકરી વિધિને ટબમાં રમવાનું કહીને તેનું માથું પાણીમાં દબાવી દીધું. જોકે, આ વખતે પૂનમનું નસીબ તેની સાથે નહોતું. જ્યારે બાળકીનો મૃતદેહ મળ્યો, ત્યારે તપાસમાં જાણવા મળ્યું કે ટબ માત્ર એક ફૂટનું હોવા છતાં બાળકીના પગ બહાર હતા અને માથું પાણીમાં હતું. આ વિસંગતતાને કારણે શંકાની સોય સીધી પૂનમ પર અટકી. પોલીસે ૩૬ કલાકની પૂછપરછ બાદ પૂનમ પાસેથી આ ચારેય ક્રૂર હત્યાઓના રહસ્યો જાણી લીધા. પૂનમે કબૂલ્યું કે, મને દરેક હત્યા બાદ ખુશ થતી હતી, જે મારા માટે એક જીત સમાન હતી. પાણીપત પોલીસે તેની ધરપકડ કરીને તેને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધી છે અને અન્ય કોઈ બાળક તેનો ભોગ બન્યું છે કે કેમ, તે અંગે વધુ તપાસ ચાલી રહી છે.

### દિલ્હીમાં ભારે પ્રદૂષણ

# કાશ્મીરમાં પારો ફરી "૦"થી નીચે, શોપિયાં માઇનસ ૫.૯ ડિગ્રી સાથે સૌથી ઠંડુ

### રાજસ્થાનમાં અનેક વિસ્તારોમાં દસ ડિગ્રીથી ઓછું તાપમાન ફતેહપુર અને બિકાનેર ૩.૨ ડિગ્રી સાથે સૌથી ઠંડુ રહ્યું

જમ્મુ, તા.૪

કાશ્મીરમાં ઠંડીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. કાશ્મીર ખીણનાં મોટા ભાગનાં વિસ્તારોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે. તાપમાન ઘટવાની સાથે ખીણમાં ધુમ્મસનું પણ પ્રમાણ વધી ગયું છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઈનસ ૪.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું છે. એક દિવસ પહેલા શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઈનસ ૨.૫ ડિગ્રી સેલ્સિયસ હતું.શ્રીનગર અને તેની આસપાસનાં વિસ્તારોમાં ધુમ્મસની ગાઢ છાદર છવાઈ ગઈ હતી. સત્તાવાળાઓનાં જણાવ્યા અનુસાર દક્ષિણ કાશ્મીરનાં શોપિયાં માઈનસ ૫.૯ ડિગ્રી સેલ્સિયસ સાથે કાશ્મીરનું સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું.

રાજસ્થાનમાં પણ સતત ઠંડી વધી રહી છે. રાજ્યનાં અનેક વિસ્તારોમાં લઘુતમ તાપમાન દસ ડિગ્રીની નીચે પહોંચી ગયું છે. ફતેહપુર અને બિકાનેરમાં રાજ્યમાં સૌથી ઓછું ૩.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું.દિલ્હીમાં મહત્તમ તાપમાન ૨૩.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું જ જે સિઝનનું સૌથી ઓછંત મહત્તમ તાપમાન હતું. જ્યારે લઘુતમ તાપમાન ૬.૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (સીપીસીબી)ના જણાવ્યા અનુસાર દિલ્હીમાં વાયુ પ્રદૂષણ ૩૩૫ એક્યુઆઈ સાથે હજુ પણ વધારે ખરાબ કેટેગરીમાં રહ્યું હતું. સતત બીજા દિવસે દિલ્હીનું પ્રદૂષણ આ કેટેગરીમાં રહ્યું છે. તમિલનાડુનાં દરિયાકાંઠાના વિસ્તાર અને કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં ડિપ્રેશન નબળું પડતા વરસાદ પડયો હતો. ભારે વરસાદની આગાહીને પગલે રાજ્યના કેટલાક જિલ્લાઓની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. ચેન્નાઈ, તિરુવલ્લુર, ચેન્ગાલપટ્ટુ અને કાંચીપુરમ જિલ્લાઓમાં પણ વરસાદ પડયો હતો. કોલંબો : શ્રીલંકામાં ભયાનક દિતવાહ વાવાઝોડાને કારણે ૬ અબજ ડોલરથી સાત અબજ ડોલરનું નુકસાન થયું હોવાનો અંદાજ વ્યકત કરવામાં આવ્યો છે. જે શ્રીલેકાનાં કુલ જીડીપીનાં ૩ થી ૫ ટકા થાય છે. આ વાવાઝોડાને કારણે અત્યાર સુધીમાં ૪૬૫ લોકોનાં મોત થયા છે અને ૩૬૬ લોકો હજુ પણ લાપતા છે. વાવાઝોડાને કારણે આવેલા પૂર, ભૂસ્ખલન અને અનેક ઈમારતો ધરાશયી થવાને કેટલાક જિલ્લાઓ વિખૂટા પડી ગયા છે. આવશ્યક વસ્તુઓનાં કમિશનર જનરલ પ્રભાત ચંદ્રકિર્તીએ જણાવ્યું હતું કે વાવાઝોડાની અસર ૨૫ જિલ્લાઓમાં જોવા મળી છે.

### BLOના મોત બાદ ગુજરાત સહિતની સરકારોને આદેશ

# સુપ્રીમે વધારાના અધિકારીઓની ભરતી કરવાનો નિર્દેશ આપ્યો

### CJI સૂર્ય કાંતે જણાવ્યું હતું કે, SIR પ્રક્રિયા એક કાયદેસર પ્રક્રિયા છે અને તેને પૂર્ણ કરવી જ જોઇએ

નવી દિલ્હી, તા.૪

બિહાર પછી, ચૂંટણી પંચે હવે દેશભરમાં મતદાર યાદી સુધારણા (SIR) હાથ ધરવાનો નિર્ણય લીધો છે. આ પ્રક્રિયા આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થવાની છે. પંચે આના પર ઝડપથી કામ શરૂ કરી દીધું છે. જોકે, દબાણને કારણે, ઘણી જગ્યાએથી BLO ના મૃત્યુના અહેવાલો પણ સામે આવ્યા છે. આ પછી, ચૂંટણી પંચે SIR કાર્ય પૂર્ણ કરવા માટેનો સમય લંબાવ્યો, પરંતુ વિપક્ષ સરકારને ઘેરી રહ્યું છે. હવે, સુપ્રીમ કોર્ટે આ મામલામાં પ્રવેશ કર્યો છે. જણાવી દઈએ કે, ગુરુવારે, SIR ની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણીઓ કરી હતી.

CJI સૂર્ય કાંતે જણાવ્યું હતું કે, SIR પ્રક્રિયા એક કાયદેસર પ્રક્રિયા છે અને તેને પૂર્ણ કરવી જ જોઈએ. જો સ્ટાફની અછત હોય, તો તે રાજ્ય સરકારોની જવાબદારી છે. કોર્ટે જણાવ્યું હતું કે, જો રાહત ન મળે, તો BLO કોર્ટનો સંપર્ક કરી શકે છે. CJI એ જણાવ્યું હતું કે, રાજ્ય દ્વારા SIR (વિશેષ સુધારણા) માટે ચૂંટણી પંચને પૂરા પાડવામાં આવતા કર્મચારીઓ આ ફરજો બજાવવા માટે બંધાયેલા છે. જો તેઓ વધુ પડતા કામના ભારણ જેવી મુશ્કેલીઓનો સામનો કરે છે, તો રાજ્ય સરકાર આ મુશ્કેલીઓનો ઉકેલ લાવી શકે છે.

કોર્ટે રાજ્યોને BLO પર દબાણ ઘટાડવા માટે વધારાનો સ્ટાફ તૈનાત કરવાનો પણ સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો. કોર્ટે પોતાના આદેશમાં એમ પણ કહ્યું હતું કે, જો કોઈ BLO વ્યક્તિગત કારણોસર SIR કરવામાં અસમર્થ હોય, અને જો ત્યાં કોઈ માન્ય કારણો હોય તો તેમને રાહત માટે વિચારણા કરવી જોઈએ. આ સાથે, તેમના સ્થાને અન્ય કોઈની નિમણૂક કરવી જોઈએ.

SIR કેસની સુનાવણી દરમિયાન, BLO આત્મહત્યાનો મુદ્દો સુપ્રીમ કોર્ટના ધ્યાન પર લાવવામાં આવ્યો હતો. વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે જણાવ્યું હતું કે, અમારી પાસે ૩૫ થી ૪૦ BLO વિશે માહિતી છે, જેમણે આત્મહત્યા કરી છે. આ બધા આંગણવાડી કાર્યકરો, શિક્ષકો વગેરે છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ, SIR માં સામેલ કર્મચારીઓને નોટિસ મોકલવામાં આવી રહી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, સમયમર્યાદા પૂરી કરવામાં નિષ્ફળતાને કારણે બે વર્ષની જેલ થઈ શકે છે. ઉત્તર પ્રદેશમાં BLOs સામે પચાસ FIR દાખલ કરવામાં આવી છે.

વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટમાં જણાવ્યું હતું કે, BLOs પર દબાણ ખરેખર ચિંતાજનક છે. આટલી ઉતાવળ કેમ છે? SIR ને પૂરતો સમય આપવો જોઈએ. ન્યાયાધીશ સૂર્યકાન્તે પૂછ્યું કે, રાજ્ય સરકારો કેમ આગળ નથી આવી રહી. જો રાજ્ય સરકારો મુશ્કેલીઓનો સામનો કરી રહી છે, તો તેઓ અહીં આવીને સ્પષ્ટતા કેમ નથી કરી રહી?

### દિલ્હી ભાજપે તેના ટ્વિટર હેન્ડલ પર આ જાહેરાત કરી

# ભાજપ સાંસદ બાંસુરી સ્વરાજના પિતા સ્વરાજ કૌશલનું નિધન

### પૂર્વ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજના પતિ અને ભાજપના સાંસદ બાંસુરી સ્વરાજના પિતા સ્વરાજ કૌશલનું અવસાન

નવી દિલ્હી, તા.૪

વરિષ્ઠ વકીલ અને મિઝોરમના પૂર્વ રાજ્યપાલ સ્વરાજ કૌશલનું નિધન થયું છે. પૂર્વ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજના પતિ અને ભાજપના સાંસદ બાંસુરી સ્વરાજના પિતા સ્વરાજ કૌશલનું ગુરુવારે અવસાન થયું. તેમનું ૪ ડિસેમ્બરના રોજ ૭૩ વર્ષની વયે અવસાન થયું. દિલ્હી ભાજપે તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર સ્વરાજ કૌશલના અવસાનની જાહેરાત કરી.સ્વરાજ કૌશલ દેશના પ્રખ્યાત વકીલ હતા. તેમણે મિઝોરમના રાજ્યપાલ તરીકે પણ સેવા આપી હતી. દિલ્હી ભાજપે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક પોસ્ટમાં સ્વરાજ કૌશલના અવસાનની જાહેરાત કરી.સ્વરાજ કૌશલનો જન્મ ૧૨ જુલાઈ, ૧૯૫૨ ના રોજ થયો હતો. તેમણે દિલ્હી યુનિવર્સિટી અને પંજાબ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેમણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. તેમને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ તરીકે ઓળખ મળી. તેમણે છ વર્ષ સુધી રાજ્યસભાના સાંસદ તરીકે સેવા આપી અને મિઝોરમના રાજ્યપાલ તરીકે પણ સેવા આપી. તેઓ રાજ્યપાલનું પદ સંભાળનારા સૌથી નાની ઉંમરના વ્યક્તિ બન્યા. તેમણે ૧૯૭૫માં સુષ્મા સ્વરાજ સાથે લગ્ન કર્યા.

### રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનનું મોટું નિવેદન

# દુનિયાએ ભારતની અડગ નીતિ જોઈ, મોદી કોઈના દબાણમાં આવનારા નેતા નથી

### રશિયાના પ્રમુખ પુતિનની આ મુલાકાત દરમિયાન અનેક મોટા કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે

મોસ્કો, તા.૪

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન તેમની ભારત મુલાકાત પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની જોરદાર પ્રશંસા કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોઈના દબાણ સામે ઝૂકી જાય તેવા નેતા નથી. પુતિનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે રશિયા અને ભારત બંને અમેરિકાના ટેરિફ અને આંતરરાષ્ટ્રીય દબાણોનો સામનો કરી રહ્યા છે.એક મીડિયા ઈન્ટરવ્યુમાં અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફ અંગેના સવાલના જવાબમાં રશિયાના પ્રમુખ પુતિને પીએમ મોદીના નેતૃત્વ પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી એવા નેતા નથી કે જે દબાણ સામે ઝૂકી જાય. દુનિયાએ ભારતની અડગ નીતિ જોઈ છે અને દેશને તેના નેતૃત્વ પર ગર્વ હોવો જોઈએ.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની આ મુલાકાત દરમિયાન અનેક મોટા કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે, ત્યારે તેમમે બંને દેશો વચ્ચેના સહયોગની વ્યાપકતા પર ભાર મૂકતા કહ્યું કે, ભારત અને રશિયા વચ્ચે ૯૦ ટકાથી વધુ દ્વિપક્ષીય વ્યવહારો સફળતાપૂર્વક પૂર્ણ થયા છે.આ ઉપરાંત રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને જણાવ્યું કે ચર્ચા કરવા માટે ઘણું બધું છે, કારણ કે ભારત અને રશિયા વચ્ચે સહયોગનો વ્યાપ ખૂબ વ્યાપક છે. તેમણે બંને દેશો વચ્ચેના ખાસ ઐતિહાસિક સંબંધો પર ભાર મૂક્યો હતો અને સ્વતંત્રતા પછી માત્ર ૭૭ વર્ષમાં ભારતે જે નોંધપાત્ર વિકાસ હાંસલ કર્યો છે, તેની પ્રશંસા કરી હતી. નોંધનીય છે કે, પુતિનનું આ નિવેદન ભારત-રશિયાના સંબંધોની મજબૂતી અને વૈશ્વિક રાજકારણમાં ભારતના વધતા કદને દર્શાવે છે.ઉલ્લેખનીય છે કે, પુતિનની આ ડિસેમ્બરની મુલાકાત ભારતની તેમની દસમી મુલાકાત હશે. આમાંથી ત્રણ મુલાકાતો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન (૨૦૧૬, ૨૦૧૮ અને ૨૦૨૧) થઈ હતી. વડાપ્રધાન મોદી પણ અત્યાર સુધીમાં સાત વખત રશિયાની મુલાકાત લઈ ચૂક્યા છે.

# ગુજરાતમાં બનશે ૧૦ હજાર નવી આંગણવાડી

ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી ત્રણ વર્ષમાં રાજ્યમાં ૧૦,૦૦૦ નવી આંગણવાડી કેન્દ્રો બનાવવાની મહત્વની જાહેરાત કરી છે. આ જાહેરાત તેમણે આજે ૯ હજાર આંગણવાડી કાર્યકર બહેનોને નિમણૂક પત્રો આપવાના કાર્યક્રમ દરમિયાન કરી હતી. મુખ્યમંત્રીએ પોતાના સંબોધનની શરૂઆત હળવી શૈલીમાં કરતાં જણાવ્યું હતું કે, "આટલી બધી બહેનો બેઠી છે છતાંય એક અવાજ નથી આવતો. આ સૌથી આનંદની વાત છે. કદાચ મોબાઈલ હશે એટલે પણ શાંત બેઠા હશે. અમને ચિંતા થાય કે બહેનો કેમ આટલી બધી શાંત છે." તેમણે નાના ભૂલકાઓના વિકાસમાં આંગણવાડી બહેનોની ભૂમિકાને બિરદાવતા કહ્યું કે, "આંગણવાડી બહેનો માતા યશોદાથી કમ નથી." એટલે જ સરકાર આ બહેનોના સન્માન માટે 'યશોદા એવોર્ડ' પણ આપે છે. આંગણવાડી કેન્દ્રોને હવે પ્રેમથી 'નંદઘર' કહેવામાં આવે છે.મુખ્યમંત્રીએ રાજ્યમાં આંગણવાડીઓની સ્થિતિ અને વિકાસ પર વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, પહેલા આંગણવાડીઓનો અભાવ હતો અને જૂના મકાનો કે મંદિરોમાં ચાલતી હતી. આજે આખા રાજ્યમાં ૫૩ હજાર આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. સરકારનું લક્ષ્ય હવે આવનારા ત્રણ વર્ષમાં બીજા ૧૦ હજાર આંગણવાડી કેન્દ્રો બનાવીને આ સેવાનો વ્યાપ વધારવાનો છે, જેથી વધુમાં વધુ બાળકોને પોષણ અને પ્રારંભિક શિક્ષણ મળી રહે. કાર્યક્રમમાં આજે ૯ હજાર નવી બહેનોને આંગણવાડી કાર્યકર તરીકેના નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ આ અંગે જણાવ્યું હતું કે, સરકારે પારદર્શક વહીવટ ના આધારે આ નિમણૂકો કરી છે. તેમણે આંગણવાડી બહેનો તરીકે જોડાય રહેલ તમામ બહેનોને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ ૧૦ હજાર નવી આંગણવાડીઓની જાહેરાત રાજ્યના લાખો બાળકોના પોષણ અને વિકાસ માટે એક મોટી પહેલ સાબિત થશે.

### TMC ધારાસભ્યને પાર્ટીએ કર્યા સસ્પેન્ડ

# બંગાળમાં બાબરી મસ્જિદના નિર્માણની જાહેરાત કરનારા ધારાસભ્ય સસ્પેન્ડ

### ટીએમસી ધારાસભ્ય હુમાયુ કબીરે બાબરી મસ્જિદ નિર્માણની જાહેરાત કરીને મમતા બેનરજીની મુશ્કેલી વધારી દીધી છે

કોલકાતા, તા.૪

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય હુમાયુ કબીરે બાબરી મસ્જિદ નિર્માણની જાહેરાત કરીને મમતા બેનરજીની મુશ્કેલી વધારી દીધી છે. જેના પગલે તૃણમૂલ કોંગ્રેસે (TMC) પોતાની જ પાર્ટીના ધારાસભ્ય અને નેતા હુમાયુ કબીરને ભાજપની મદદ કરવાના હેતુથી આ મામલાને સાંપ્રદાયિક રંગ આપી રહ્યા છે. આ કારણસર તૃણમૂલે તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધા છે. આ મામલે પ્રતિક્રિયા આપતાં ટીએમસી મંત્રી ફિરહાદ હાકિમે કહ્યું કે અમે અગાઉ પણ હુમાયુ કબીરને ચેતવણી આપી ચૂક્યા હતા. તેમ છતાં તે વારંવાર ભૂલ કરી રહ્યા છે અને આ જ કારણે અમે તેમને સસ્પેન્ડ કરી રહ્યા છીએ. હાકિમે ચોખવટ કરી હતી કે હુમાયુ કબીર સાથે હવે પાર્ટીને કોઈ લેવા દેવા નથી. પ.બંગાળમાં બાબરી મસ્જિદ બાંધવાના હુમાયુ કબીરના એલાનથી ખુદ મુખ્યમંત્રી મમતા બેનરજી પણ નારાજ હોવાની જાણકારી સામે આવી છે. પાર્ટીના સૂત્રોએ કહ્યું કે ટીએમસીને બાબરી મસ્જિદ બનાવવાના પ્લાન સાથે કોઈ લેવા દેવા નથી. આ મામલે પાર્ટીનો મત પણ ધારાસભ્ય કબીરને જણાવી દેવામાં આવ્યો હતો.

### પુતિનના પ્રવાસ પહેલા રાહુલ ગાંધીનો આરોપ

# વિદેશી મહેમાન આવે તો અમને મળવા નથી દેતા

**લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર ગંભીર આરોપ લગાવ્યો છે, જેણે રાજકીય ભૂકંપ સર્જી નાખ્યો છે**



નવી દિલ્હી, તા.૪

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન ૪-૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ભારતના પ્રવાસે છે ત્યારે તે પહેલા જ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મોદી સરકાર પર એક મોટો આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો કે સરકાર વિપક્ષના નેતાઓને કોઈ પણ વિદેશી પ્રતિનિધિમંડળ કે મહેમાનને મળવા દેતી નથી. જે લોકતંત્ર માટે ખતરનાક પરંપરા છે. રાહુલે કહ્યું કે અટલ બિહારી વાજપેયી અને મનમોહનસિંહના સમયમાં આવા કોઈ પ્રતિબંધ નહતા, જ્યારે વિપક્ષના નેતા (LoP)ને પણ વિદેશી મહેમાનોને મળવાની તક મળતી હતી. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે જ્યારે તેઓ પોતે વિદેશ પ્રવાસ પર જાય છે, તો સરકાર તેમને રોકે છે જે સરકારની અસુરક્ષા દર્શાવે છે.

ન્યૂઝ એજન્સી એએનઆઈ સાથે વાતચીતમાં કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં નેતા વિપક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે, જે પણ બહારથી આવે છે, તેમની નેતા વિપક્ષ સાથે બેઠક થાય છે, આ પરંપરા રહી છે...પરંતુ આજકાલ એવું થાય છે કે વિદેશી ગણમાન્ય વ્યક્તિ આવે છે કે જ્યારે હું ક્યાય બહાર જઉ છું તો સરકાર તેમને સૂચન આપે છે કે નેતા વિપક્ષને ન મળવું જોઈએ...તો આ તેમની (સરકાર)ની નીતિ છે...આવું દર વખતે કરે છે...સંબંધ તો બધાની સાથે છે...ફક્ત સરકાર પ્રતિનિધિત્વ નથી કરતી, અમે પણ હિન્દુસ્તાનનું પ્રતિનિધિત્વ કરીએ છીએ. સરકાર નથી ઈચ્છતી કે વિપક્ષના લોકો બહારના લોકોને મળે.

કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ આ મુદ્દે કડક પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું કે વિપક્ષના નેતાને પુતિનને ન મળવા દેવા તે સારી પરંપરા નથી. આ અસુરક્ષાના ભાવથી પ્રેરિત છે. પ્રિયંકાએ ભારપૂર્વક કહ્યું કે વિપક્ષ દેશનો હિસ્સો છે અને વિદેશી મહેમાનો જોડે તેમની મુલાકાત લોકતાંત્રિક મૂલ્યોને મજબૂત કરે છે.

કેન્દ્રીય રાજ્ય મંત્રી રામદાસ આઠવલેએ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાના આરોપો ફગાવી દીધા. તેમણે કહ્યું કે આવી કોઈ વાત નથી. જો વિપક્ષના નેતા કોઈ વિદેશી નેતાને મળવા માંગતા હોય તો એપોઈન્ટમેન્ટ લઈને મળી શકે છે. આઠવલેએ તેને રાજકીય સ્ટંટ ગણાવતા કહ્યું કે કોઈને રોકતી નથી, પરંતુ પ્રોટોકોલનું પાલન થાય છે. પુતિનનો આ પ્રવાસ ૨૦૨૨ના યુક્રેન સંઘર્ષ બાદ તેમનો પહેલો ભારત પ્રવાસ છે. તેમાં પીએમ મોદી સાથે દ્વિપક્ષીય બેઠક, રક્ષા ડીલ ( જેમ કે બ્રહ્મોસ મિસાઈલ અને એસ-૪૦૦ સિસ્ટમ), ઓઈલ વેપાર, અને શ્રમિક ગતિશિલતા કરાર પર ફોકસ રહેશે. ભારત-રશિયા વેપાર ૨૦૨૫માં ૬૮ અબજ ડોલર સુધી પહોંચી ચૂક્યો છે. મુખ્યત્વે તો રશિયન ઓઈલ આયાતથી.

### એક જ કારમાં રવાના થયા બંને નેતા

# રશિયાના રાષ્ટ્રપતિ પુતિન પહોંચ્યા દિલ્હી, વડાપ્રધાન મોદીએ કર્યું ભવ્ય સ્વાગત

**પુતિનનું પીએમ મોદીએ તેમનું ગળે મળીને ભવ્યુ સ્વાગત કર્યું અને તેમને સાંસ્કૃતિક પ્રદર્શન પણ બતાવ્યું**

નવી દિલ્હી, તા.૪

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આજથી બે દિવસની ભારતની મુલાકાતે આવી પહોંચ્યા છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિનનું વિમાન સાંજે ૭ વાગ્યાની આસપાસ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના પાલમ એરપોર્ટ પર ઉતર્યું. પુતિન ૨૩મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ભારતની મુલાકાતે છે. આખી દુનિયાની નજર તેમની મુલાકાત પર છે. ભારતમાં આગમન પર વ્લાદિમીર પુતિનનું એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સ્વાગત માટે પાલમ એરપોર્ટ પર રેડ કાર્પેટ બિછાવવામાં આવ્યું હતું. પીએમ મોદી તેમનું સ્વાગત કરવા માટે એરપોર્ટ પર પહોંચી ચૂક્યા હતા. વ્લાદિમીર પુતિન વિમાનમાંથી બહાર નીકળતા જ પીએમ મોદીએ પુતિનનું ગળે લગાવીને સ્વાગત કર્યું. એરપોર્ટથી ઉતર્યા બાદ રશિયાના રાષ્ટ્રપતિનું વડાપ્રધાન મોદીએ ભવ્ય સ્વાગત કર્યું હતું. સ્વાગત કર્યા બાદ બંને નેતાઓ એરપોર્ટથી રાષ્ટ્રપતિ ભવન એકજ કારમાં રવાના થઈ ગયા હતા.

રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે એક ખાસ પ્રતિનિધિમંડળ પણ ભારત આવ્યું છે. આ વ્યાપારી પ્રતિનિધિમંડળમાં રાજેશ શર્માનો સમાવેશ થાય છે, જેઓ રશિયામાં એક મોટી ફાર્માસ્યુટિકલ કંપનીના માલિક છે અને ૩૪ વર્ષથી રશિયામાં રહે છે. રશિયન ફાર્માસ્યુટિકલ કંપનીઓ ભારત સાથે મોટા કરારો પર હસ્તાક્ષર કરવાની આશા રાખી રહી છે. પુતિનના ભારત આગમન પહેલા જ ઘણા રશિયન મંત્રીઓ દિલ્હી પહોંચી ચૂક્યા છે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ભારત-અમેરિકા સંબંધો છેલ્લા બે દાયકામાં કદાચ સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે, જેનું કારણ અમેરિકા દ્વારા ભારતીય માલ પર ૫૦ ટકાનો જંગી ટેરિફ લાદવામાં આવ્યો છે. આ ટેરિફમાં રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી પર લાદવામાં આવેલ ૨૫ ટકા ટેરિફનો સમાવેશ થાય છે.

ભારત સરકારના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપતિ પુતિનની મુલાકાતથી આર્થિક સહયોગમાં નોંધપાત્ર વધારો થશે. રાષ્ટ્રપતિ પુતિન ઉદ્યોગપતિઓના મોટા જૂથ સાથે પ્રવાસ કરી રહ્યા છે. ભારત રશિયા સાથેની વેપાર ખાધમાં સુધારો કરવાની આશા રાખે છે. રશિયામાં ભારતીય નિકાસ વધારવા માટે અનેક માર્ગો શોધવામાં આવી રહ્યા છે, જેમાં ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઈલ્સ, કૃષિ ઉત્પાદનો અને દરિયાઈ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આ ભારતીય વ્યવસાયો અને ઉત્પાદનો માટે એક મોટું બજાર પૂરું પાડશે, રોજગાર સર્જન અને આપણા ખેડૂતોની સુખાકારીને વેગ આપશે. શિપિંગ, આરોગ્યસંભાળ, ખાતરો અને કનેક્ટિવિટીના ક્ષેત્રોમાં અનેક કરારો અને સમજૂતી કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. લોકો-થી-લોકોના સંબંધો, ગતિશીલતા ભાગીદારી, સંસ્કૃતિ અને વૈજ્ઞાનિક સહયોગમાં પણ વધુ સહયોગ જોવા મળશે.

રશિયાના રાષ્ટ્રપતિ પુતિન બે દિવસની ભારત મુલાકાતે પહોંચ્યા છે. તેઓ કાલે મોડી રાત્રે મોસ્કો પરત ફરવાનો પ્લાન છે. આ પહેલાં તેઓ ૨૩મા ભારત-રશિયા સમિટમાં હાજરી આપશે, વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે અને રાષ્ટ્રપતિ મુર્મુ સાથે રાત્રિભોજન કરશે. બન્ને દેશો આઠ ક્ષેત્રોમાં ૨૫ કરારો પર હસ્તાક્ષર કરે તેવી અપેક્ષા છે. નોંધનીય છે કે, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની મુલાકાત ચાર વર્ષના અંતરાલ પછી થઈ રહી છે. તેમણે છેલ્લે ૨૦૨૧માં ભારતની મુલાકાત લીધી હતી.

### છેલ્લી ઘડીની ટિકિટ બુકિંગની સુવિધાના દુરુપયોગને રોકવા રેલવેનું પગલું

# રેલવે ટિકિટ બારી પરથી તત્કાલ ટિકિટ માટે પણ OTP ફરજિયાત બનશે

**આ સિસ્ટમથી ટિકિટ બુકિંગમાં પારદર્શકતા આવશે તથા મુસાફરોની સુવિધા અને સુરક્ષામાં વધારો થશે**

નવી દિલ્હી, તા.૪

રેલવે રિઝર્વેશન કાઉન્ટર પરથી તત્કાલ ટ્રેન ટિકિટ બુક કરાવવા માટે મુસાફરોએ હવે તેમના મોબાઈલ ફોન પર પ્રાપ્ત થયેલ વન-ટાઈમ પાસવર્ડ આપવો પડશે. રેલવેની છેલ્લી ઘડીની ટિકિટ બુકિંગની આ સુવિધાના દુરુપયોગને રોકવા માટે રેલવેએ આ હિલચાલ કરી છે. હાલમાં ઓનલાઈન ટિકિટ બુકિંગ માટે ઓટીપી ફરજિયાત છે.મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેને 17 નવેમ્બરે પ્રાયોગિક ધોરણે રિઝર્વેશન કાઉન્ટર પરથી બુકિંગ માટે OTP-આધારિત તત્કાલ ટિકિટિંગ સિસ્ટમ શરૂ કરી હતી. તેની શરૂઆત થોડી ટ્રેનોથી થઈ હતી અને ટૂંક સમયમાં આ સંખ્યા વધારી 52 કરાશે. આગામી થોડા દિવસોમાં બાકીની તમામ ટ્રેનો માટે કાઉન્ટર પર આ રિઝર્વેશન સિસ્ટમ લાગુ કરાશે. સામાન્ય રેલવે મુસાફરો માટે છેલ્લી ઘડીની ટિકિટ બુકિંગ સુવિધાને વધુ સાનુકૂળ બનાવવા માટે OTP આધારિત તત્કાલ રિઝર્વેશન સિસ્ટમની દરખાસ્ત કરાઈ છે.આ સિસ્ટમ હેઠળ રિઝર્વેશન કાઉન્ટર પર તત્કાલ ટિકિટ બુક કરાવતી વખતે મુસાફરને રિઝર્વેશન ફોર્મમાં આપેલા મોબાઈલ નંબર પર એક OTP મળશે. આ OTPના વેરિફિકેશન પછી જ ટિકિટ કન્ફર્મ થશે.અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પહેલનો ઉદ્દેશ્ય તત્કાલ સુવિધાના દુરુપયોગને રોકવા અને સાચા મુસાફરોને ટિકિટો મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

આ સિસ્ટમથી ટિકિટ બુકિંગમાં પારદર્શકતા આવશે તથા મુસાફરોની સુવિધા અને સુરક્ષામાં વધારો થશે.છેલ્લા કેટલાંક મહિનામાં રેલ્વે મંત્રાલયે મુસાફરોને ટિકિટ રિઝર્વેશનની વાજબી સુવિધા મળે અને બુકિંગ એજન્ટો પોતાના ફાયદા માટે સિસ્ટમનો દુરુપયોગ ન કરે માટે કેટલાંક પગલાં લીધા છે. જુલાઈમાં રેલ્વે મંત્રાલયે દેશભરમાં તત્કાલ સિસ્ટમ હેઠળ ઓનલાઈન ટિકિટ બુકિંગ માટે OTP દ્વારા આધાર ચકાસણી ફરજિયાત કરી હતી.

### ૭ ડિસેમ્બરે ઉજવાશે પ્રમુખવર્ણી અમૃત મહોત્સવ

# BAPS સંસ્થા અમદાવાદમાં ઐતિહાસિક કાર્યક્રમનું આયોજન

**સાબરમતીના પાણી પર તરતી ૭૫ દિવ્ય હોડીઓ લાખો LED લાઈટ્સની ઝગમગશે : દરેક હોડી પર એક અમૃત સૂત્ર**

અમદાવાદ, તા.૪

સનાતન સંસ્કૃતિના ધ્વજવાહક તરીકે જાણીતી વિશ્વભરમાં ૧૨૦૦થી વધુ મંદિરો રચનાર BAPS સંસ્થા આ વર્ષે એક ઐતિહાસિક ક્ષણ ઉજવવા જઈ રહી છે. પ્રમુખ સ્વામી મહારાજે BAPSનું પ્રમુખ પદ સંભાળ્યા તેને ૭૫ વર્ષ પૂર્ણ થતા, અમદાવાદના રિવરફ્રન્ટ પર પ્રમુખવર્ણી અમૃત મહોત્સવનું ગૌરવશાળી આયોજન કરાયું છે.

અમદાવાદ ૭ ડિસેમ્બરના ઐતિહાસિક દિવસે સાબરમતીના કિનારે રચાશે ભક્તિનો મહાસાગર. BAPS સંસ્થાના પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના પ્રમુખપદના ૭૫ વર્ષ પૂર્ણ થવાની ભવ્ય ઉજવણી થવા જઈ રહી છે. આ ભવ્ય, દિવ્ય અને નવ્ય કાર્યક્રમનું નામ છે પ્રમુખવર્ણી અમૃત મહોત્સવ.

સાબરમતીના પાણી પર તરતી ૭૫ દિવ્ય હોડીઓ લાખો LED લાઈટ્સની ઝગમગ...અને દરેક હોડી પર ચમકશે એક અમૃત સૂત્ર...ભાગવત, ગીતા, વચનામૃત, રામચરિતમાનસ અને મહાભારતમાંથી પસંદ કરાયેલા ૭૫ જીવન મંત્રો...આ દ્રશ્ય જોઈને આંખો અને મન બંને થીજી જશે. મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી હાજર રહેશે. BAPSના વર્તમાન વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાશે.

વિશ્વના ૩૦થી વધુ દેશોમાંથી એક લાખથી વધુ સ્વયંસેવકો અને હરિભક્તો અમદાવાદ પહોંચશે. અમદાવાદ એરપોર્ટ પર ૨૦થી ૩૦ ટકા ટ્રાફિક વધવાની શક્યતા છે. ફ્લાઈટના ભાડામાં રોકેટની જેમ ઉછાળો આવે તો નવાઈ નહીં. ૩૦થી વધુ દેશોમાંથી ૧ લાખથી વધુ સ્વયંસેવકો, હરિભક્તો પહોંચશે. અમદાવાદ એરપોર્ટ પર ૨૦થી ૩૦ ટકા ટ્રાફિક વધવાની શક્યતા છે આ એ જ BAPS સંસ્થા છે...જેણે વિશ્વમાં ૧૨૦૦થી વધુ શિખરબંધ મંદિરો બનાવ્યા... વ્યસનમુક્તિ, પરિવાર એકતા, સમાજસેવા, શિક્ષણ, આરોગ્ય સહિત દરેક ક્ષેત્રમાં અજોડ યોગદાન આપ્યું છે...આજે કરોડો લોકોના જીવનમાં પ્રમુખ સ્વામી મહારાજનો પ્રકાશ પ્રગટે છે.આધ્યાત્મિક ઉજવણીનો આ મહોત્સવથી આખું અમદાવાદ જાણે વિશ્વનું સૌથી મોટું હરિમંદિર બની જશે...આ માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ સનાતન સંસ્કૃતિની ઉજ્જ્વલ વારસાગાથા અને પ્રમુખ સ્વામી મહારાજના ૭૫ વર્ષના અમૃત સમર્પણને સમર્પિત છે.

### અમદાવાદમાં બોમ્બ ધમકીનો સિલસિલો યથાવત

# અમદાવાદમાં ફ્લાઈટ બાદ હવે ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સોલા હાઈકોર્ટ પોલીસ સહિતની એજન્સીઓ દ્વારા તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે**

અમદાવાદ,તા.૪

અમદાવાદમાં બોમ્બ ધમકીનો સિલસિલો યથાવત રહ્યો છે. આજે સવારે મદીનાથી હૈદરાબાદ જઈ રહેલી એક ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળ્યા બાદ હવે ગુજરાત હાઈકોર્ટને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

મળતી માહિતી અનુસાર ગુજરાત હાઈકોર્ટના પરિસરમાં વિસ્ફોટકો મૂકવામાં આવ્યા હોવાનો અને કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો એક અનામી ઈમેઈલ મળતા સુરક્ષા એજન્સીઓમાં ગુરુવારે દોડધામ મચી ગઈ હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સોલા હાઈકોર્ટ પોલીસ સહિતની એજન્સીઓ દ્વારા તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાઈકોર્ટના ઓફિશિયલ ઈમેઈલ આઈડી પર એક મેસેજ આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સંકુલની અંદર વિસ્ફોટકો પ્લાન્ટ કરી દેવામાં આવ્યા છે અને કોર્ટને ઉડાવી દેવામાં આવશે.

આ મેઈલ ધ્યાનમાં આવતાની સાથે જ હાઈકોર્ટના વહીવટી તંત્રએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. સોલા હાઈકોર્ટ પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સહિતની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સાવચેતીના પગલા રૂપે બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ ને પણ તાત્કાલિક બોલાવવામાં આવી હતી. સુરક્ષા જવાનોએ સમગ્ર સંકુલમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. પોલીસના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે હાઈકોર્ટ જેવી સંવેદનશીલ જગ્યા માટે મળેલી ધમકીને અત્યંત ગંભીરતાથી લેવામાં આવી રહી છે. તપાસ અધિકારીઓ હાલમાં ઈમેઈલનું આઈપી એડ્રેસ ટ્રેસ કરી રહ્યા છે, જેથી જાણી શકાય કે મેઈલ રાજ્યની અંદરથી આવ્યો છે કે કોઈ વિદેશી સર્વરનો ઉપયોગ થયો છે. પોલીસ સીસીટીવી ફૂટેજ, સર્વર લોગ્સ અને અન્ય ડિજિટલ પુરાવાઓની ચકાસણી કરી રહી છે.

અત્યાર સુધીના અહેવાલ મુજબ તપાસ દરમિયાન સંકુલમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી. જોકે, અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે વેરિફિકેશનની પ્રક્રિયા હજુ ચાલુ છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક મહિનાઓમાં અમદાવાદની મુખ્ય સંસ્થાઓ, શાળાઓ અને મોલને બોમ્બથી ઉડાવી દેવાની હોક્સ (ખોટી) ધમકીઓ મળવાનો સિલસિલો ચાલુ છે. જોકે, આ તાજેતરનો મેઈલ અગાઉની ઘટનાઓ સાથે કોઈ કનેક્શન ધરાવે છે કે કેમ તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, આજે જ મદીનાથી હૈદરાબાદ તરફ જઈ રહેલી ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. આ ગંભીર ધમકીને પગલે ફ્લાઈટને ડાયવર્ટ કરીને અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ કરાવવામાં આવી હતી. આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં જ હાઈકોર્ટને નિશાન બનાવતી ધમકી મળતા સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉભા થયા છે.

### હરભજન સિંહનું મોટું નિવેદન

# જેમણે કારકિર્દીમાં કંઈ ઉકાળ્યું નથી તેઓ રોહિત-વિરાટનું ભવિષ્ય નક્કી કરી રહ્યા છે

**જ્યારે હું વિરાટ કોહલી જેવા ખેલાડીને જોઉં છું જે હજુ પણ શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે, ત્યારે આનંદ થાય છે**

નવી દિલ્હી, તા.૪

ભૂતપૂર્વ ભારતીય સ્પિનર હરભજન સિંહને દુર્ભાગ્યપૂર્ણ લાગે છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજોનું ભવિષ્ય એવા લોકો દ્વારા નક્કી કરવામાં આવી રહ્યું છે જેમણે તેમની કારકિર્દીમાં કંઈ ખાસ હાંસલ કર્યું નથી. જોકે, તેમણે આશા વ્યક્ત કરી કે આ જોડી ૨૦૨૭ના ODI વર્લ્ડ કપ સુધી રમતી રહેશે. રોહિત હાલમાં ૩૮ વર્ષનો છે અને વિરાટ કોહલી ૩૭ વર્ષનો છે, અને બંને હાલમાં ફક્ત ODI ફોર્મેટમાં રમે છે.

તેઓ ODI વર્લ્ડ કપ સુધી રમી શકશે કે નહીં તે અંગે અટકળો ચાલી રહી છે. ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત અગરકરે આ બંને ODI વર્લ્ડ કપ સુધી રમી શકશે કે નહીં તે અંગે કોઈ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી નથી.

હરભજનએ કહ્યું, "આ મારી સમજની બહાર છે. હું આનો જવાબ આપી શકતો નથી કારણ કે હું પોતે એક ખેલાડી રહ્યો છું, અને હું જે જોઈ રહ્યો છું તે મારી સાથે પણ બન્યું છે. મારા ઘણા સાથી ખેલાડીઓ સાથે આવું બન્યું છે, પરંતુ તે ખૂબ જ કમનસીબ છે." અમે તેના વિશે વાત કરતા નથી કે ચર્ચા કરતા નથી."

ભારત માટે ટેસ્ટ ક્રિકેટમાં ૪૧૭ વિકેટ લેનારા બોલરે કોહલી અને રોહિત સાથેના વર્તનનો ઉલ્લેખ કરતા કહ્યું, "જ્યારે હું વિરાટ કોહલી જેવા ખેલાડીને જોઉં છું જે હજુ પણ શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે, ત્યારે મને ખૂબ આનંદ થાય છે. તે થોડું દુર્ભાગ્યપૂર્ણ છે કે લોકો એવા વ્યક્તિનું ભવિષ્ય નક્કી કરી રહ્યા છે જેણે પોતાની કારકિર્દીમાં કંઈ ખાસ હાંસલ કર્યું નથી."

વનડે વર્લ્ડ કપ હજુ એક વર્ષથી વધુ સમય દૂર છે, પરંતુ હરભજને રોહિત અને કોહલીનું સમર્થન કરતા કહ્યું કે તેઓ આ વર્લ્ડ કપ દરમિયાન ઉત્તમ ફોર્મમાં રહેશે અને આગામી પેઢી માટે ધોરણ નક્કી કરશે. દક્ષિણ આફ્રિકા સામેની વર્તમાન શ્રેણીમાં કોહલીએ ઘરઆંગણે સતત બે સદી ફટકારી છે, જ્યારે રોહિતે તેની છેલ્લી ચાર ઈનિંગ્સમાં બે અડધી સદી અને એક સદી ફટકારી છે. હરભજને કહ્યું, "તેઓએ હંમેશા શરૂઆતથી જ રન બનાવ્યા છે અને ભારત માટે સારું યોગદાન આપ્યું છે. તેઓએ બેટ્સમેન તરીકે ખૂબ સારું પ્રદર્શન કર્યું છે અને ટીમના કેપ્ટન પણ રહ્યા છે. મને ખરેખર આનંદ છે કે તેઓ આટલું સારું પ્રદર્શન કરી રહ્યા છે." તેમણે ઉમેર્યું, "તેઓ યુવા પેઢી માટે એક ઉદાહરણ સ્થાપિત કરી રહ્યા છે અને બતાવી રહ્યા છે કે ચેમ્પિયન બનવા માટે શું જરૂરી છે. તેથી વિરાટ કોહલી અને રોહિત શર્માને યોગ્ય ઉદાહરણ સ્થાપિત કરવા બદલ અભિનંદન."

### પાન મસાલા અંગે સરકારે લીધો મોટો નિર્ણય

# પાન મસાલા પેકેટ ગમે તેટલું નાનું હોય કે મોટું તેણે પણ MRP છાપવી પડશે

**પાન મસાલા પેકેટ છૂટક વેચાણ કિંમત અને કાનૂની મેટ્રોલોજી નિયમો, ૨૦૧૧ હેઠળ જરૂરી અન્ય તમામ માહિતી છાપવી પડશે**

નવી દિલ્હી, તા.૪

સરકારે પાન મસાલા પેકેટ અંગે કેટલાક નિયમો બનાવ્યા છે. આનાથી ગ્રાહકો અને સરકાર બંનેને ફાયદો થશે. આ નિયમો ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે. જો તમે પાન મસાલાનું સેવન કરો છો, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. સરકારે પાન મસાલા પેકેટ અંગે એક મોટો નિર્ણય લીધો છે. હવેથી, પાન મસાલા પેકેટ ગમે તેટલું નાનું હોય કે મોટું, તેણે MRP (MRP), એટલે કે છૂટક વેચાણ કિંમત અને કાનૂની મેટ્રોલોજી નિયમો, ૨૦૧૧ હેઠળ જરૂરી અન્ય તમામ માહિતી છાપવી પડશે. આ નિયમ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે.

ગ્રાહક બાબતોના વિભાગે કાનૂની મેટ્રોલોજી (પેકેજ્ડ કોમોડિટીઝ) બીજા (સુધારા) નિયમો, ૨૦૨૫ ને સૂચિત કર્યું છે. ગ્રાહક મંત્રાલયે જણાવ્યું હતું કે આ સુધારેલા નિયમો ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે. ત્યારથી, બધા પાન મસાલા ઉત્પાદકો, પેકર્સ અને આયાતકારોએ આ નિયમોનું સંપૂર્ણ પાલન કરવું પડશે.

પહેલાં, નાના પેકેટો, જેમ કે ૧૦ ગ્રામ કે તેથી ઓછા વજનવાળા પેકેટો પર MRP છાપવાનું ફરજિયાત નહોતું. જો કે, હવે આ નાના પેકેટો પર પણ MRP છાપવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. વધુમાં, બધા પાન મસાલા પેકેટોમાં કાનૂની મેટ્રોલોજી નિયમો, ૨૦૧૧ હેઠળ જરૂરી બધી માહિતી દર્શાવવી આવશ્યક છે. સૂચના અનુસાર, નિયમ 26(a) હેઠળ અગાઉની મુક્તિ, જે નાના પાન મસાલા પેકેટોને ચોક્કસ માહિતી પ્રદર્શિત કરવાથી મુક્તિ આપતી હતી, તેને દૂર કરવામાં આવી છે. તેના સ્થાને, પાન મસાલા માટે એક નવો ચોક્કસ નિયમ ઉમેરવામાં આવ્યો છે.

પાન મસાલા પર GST યોગ્ય રીતે લાગુ કરવા માટે બધા પેકેટો પર MRP છાપવું જરૂરી છે. આ GST MRP પર આધારિત છે. આ GST કાઉન્સિલના નિર્ણયોના અમલીકરણને સરળ બનાવશે. બધા પેકેટો, તેમના કદને ધ્યાનમાં લીધા વિના, સચોટ ગણતરી અને એકત્રિત કરી શકાશે.

મંત્રાલય જણાવે છે કે આ ફેરફારથી ગ્રાહકોને ઘણો ફાયદો થશે. કિંમતની માહિતી હવે દરેક કદના પેકેજ પર સ્પષ્ટ રીતે પ્રદર્શિત થશે. આ નાના પેકેજો પર ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી કિંમતોની શક્યતાને દૂર કરશે. ગ્રાહકો માહિતીપૂર્વક ખરીદી કરી શકશે.

હાલમાં, પાન મસાલા અને તમાકુ પર ૨૮% GST વસૂલવામાં આવે છે. આ ઉપરાંત, વિવિધ દરે વળતર ઉપકર પણ વસૂલવામાં આવે છે. આ વળતર ઉપકર ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ચાર વર્ષ માટે લંબાવવામાં આવ્યો હતો. આ ઉપકરમાંથી એકત્રિત કરાયેલા નાણાંનો ઉપયોગ કેન્દ્ર સરકાર દ્વારા COVID-19 દરમિયાન રાજ્યોને GSTના મહેસૂલ નુકસાનની ભરપાઈ કરવા માટે લેવામાં આવેલી લોન ચૂકવવા માટે કરવામાં આવી રહ્યો છે.

### ત્રીજા દિવસે પણ મુસાફરો રઝળી પડ્યા

# ૨૫૦થી વધુ ફ્લાઈટ રદ થતા એરપોર્ટ પર અફરાતફરીનો માહોલ

**દેશના સૌથી મોટા શહેરો દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ, અમદાવાદ અને બેંગલુરુ એરપોર્ટ પર અફરાતફરીના માહોલ છે**

નવી દિલ્હી, તા.૪

દેશના સૌથી મોટા શહેરો દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ, અમદાવાદ અને બેંગલુરુ એરપોર્ટ પર અફરાતફરીના માહોલ છે. ત્રણ દિવસમાં લગભગ ૪૦૦ ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. હજારો મુસાફરો ૧૨ કલાકથી એરપોર્ટ પર રાહ જોઈ રહ્યા છે, તેમના ગંતવ્ય સ્થાનો પર ફ્લાઈટ્સ માટે વિનંતી કરી રહ્યા છે. ગુરુવારે, દિલ્હીથી ૩૦ ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. હૈદરાબાદમાં પણ ૩૩ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, જેના કારણે બેંગલુરુમાં કુલ ફ્લાઈટ્સ ૭૩ થઈ ગઈ છે. દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ આ કટોકટીનું મુખ્ય કારણ સ્ટાફની અછત ગણાવી છે. જોકે, સતત ત્રીજા દિવસે આવી કટોકટીએ એરપોર્ટ પર અફરાતફરીનો માહોલ સર્જી દિધો છે.

હવાઈ મુસાફરો કહે છે કે કોઈ પણ માહિતી આપવાની સ્થિતિમાં નથી. બેંગલુરુ એરપોર્ટના અધિકારીઓ કહે છે કે ૭૩ ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. મુંબઈ એરપોર્ટ પણ હજારો મુસાફરોથી ભરેલું છે. જ્યારે પૂછવામાં આવે છે, ત્યારે મુસાફરોને ફક્ત ૧-૨ કલાક રાહ જોવાનું કહેવામાં આવે છે. આ લાચારી અને ચિંતામાં હવાઈ મુસાફરોએ એરપોર્ટ પર ૧૨-૧૪ કલાક વિતાવ્યા છે. બુધવારે (૩ ડિસેમ્બર) પરિસ્થિતિ ગંભીર રહી, દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ અને બેંગલુરુ સહિતના અનેક એરપોર્ટ પર બપોર સુધીમાં લગભગ ૨૦૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી. ગુરુવારે (૪ ડિસેમ્બર) ૧૭૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી.

૨ ડિસેમ્બર (મંગળવાર) ના રોજ, ફક્ત ૩% ઈન્ડિગો ફ્લાઈટ્સ સમયસર રવાના થઈ શકી.
૩ ડિસેમ્બરના રોજ, ફક્ત ૨૦% ઈન્ડિગો ફ્લાઈટ્સ રવાના થઈ શકી.
એરલાઈન દરરોજ ૨,૨૦૦ થી વધુ ફ્લાઈટ્સનું સંચાલન કરે છે.

બાળકો અને મહિલાઓ સાથેના હવાઈ મુસાફરો એરપોર્ટ પર રાહ જોઈને હતાશ થઈ ગયા છે. મુસાફરો તેમની વ્યથા વ્યક્ત કરી રહ્યા છે. ઘણા વૃદ્ધ માતાપિતા સાથે છે. એક મુસાફર ૧૫ કલાકથી હૈદરાબાદ એરપોર્ટ પર ફસાયેલ છે. તેમણે કહ્યું, "હું ૩ ડિસેમ્બરે સાંજે ૬ વાગ્યે પહોંચ્યો અને ૪ ડિસેમ્બરે રાત્રે ૯ વાગ્યા સુધી ફ્લાઈટનો કોઈ સંકેત નથી." હૈદરાબાદ એરપોર્ટ પર ૧૨ કલાકથી વધુ સમયથી રાહ જોતા મુસાફરોની સંખ્યા નોંધપાત્ર છે. દરેક વખતે, તેમને કહેવામાં આવે છે કે ક્રૂ આવી રહ્યું છે અને ફ્લાઈટ ઉડાન ભરવાની છે. ગયા મહિને નવા ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન (FDTL) નિયમો અમલમાં આવ્યા ત્યારથી એરલાઈન ઝડપથી વધતી જતી પાઈલટ્સની અછતનો સામનો કરી રહી છે. આ નવા નિયમો ક્રૂ માટે વધુ માનવીય અને આરામદાયક રોસ્ટરિંગ સુનિશ્ચિત કરે છે. ઘણા એરપોર્ટ અધિકારીઓ કહે છે કે ઈન્ડિગોની વિલંબિત અને રદ કરાયેલી ફ્લાઈટ્સને કારણે બુધવારે કામગીરીમાં ભારે વિક્ષેપ પડ્યો હતો, અને પરિસ્થિતિ હજુ પણ પડકારજનક બની રહી છે.

# અમરેલી : વિદ્યાસભા સ્કુલનાં ખેલાડીઓએ ૨૬ મેડલ મેળવી ગૌરવ વધાર્યુ





અમરેલી રાજય કક્ષાની ભાઈઓ–બહેનો કુરાશ ગેમ ચેમ્પિયનશીપનું આયોજન ગાગટા, લુણાવડા, મહીસાગર મુકામે થયું હતું. જયાં અલગ–અલગ જિલ્લાના કુરાશ રમતના ખેલાડીઓએ પાર્ટીશીપેશન કરેલ. તેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કુલના કુરાશ ગેમ ખેલાડીઓએ અમરેલી જિલ્લામાંથી પાર્ટીશીપેશન કરેલ. જે રમતનું નામ પણ ઘણા જણતા ન હોય. તેવી રમતમાં સમગ્ર અમરેલી જિલ્લાનું પ્રતિનિધીત્વ કરતા સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાળ મેળવી ૨૬ મેડલ પ્રાપ્ત કર્યા છે. જે ખરેખર અમરેલી જિલ્લા માટે ગૌરવની વાત છે. આ સિધ્ધી મેળવનાર ખેલાડીઓમાં. જેમાં ૧. મકવાણા હાર્દિક ૪૫ કેજી યુ–૧૯ ૨, મેણીયા કલ્પેશ ૪૫ કેજી યુ–૧૭ ૩, મકવાણા કુલદીપ ૮૧ કેજી યુ–૧૯ ૪, ચૌહાણ પૂજા ૪૪ કેજી યુ–૧૯ ૫, દવે વિશ્વા ૫૨ કેજી યુ–૧૯ ૬, જતાપરા હીના ૫૭ કેજી યુ–૧૯ ૭, પટણી અરમાન ૬૦ કેજી યુ–૧૭ ૮, રાદડીયા દેવાંશ ૭૩ કેજી યુ–૧૭ ૯, ધાંધલ વિધિ ૪૦ કેજી યુ–૧૭ ૧૦, ચારણીયા પ્રથા ૪૪ કેજી યુ–૧૭ ૧૧, પંડયા રૂદ્રિકા ૪૮ કેજી યુ–૧૭ ૧૨, જતાપરા જાનવી ૬૩ કેજી યુ–૧૭ ૧૩, હાડગરા રાધિકા ૨૮ કેજી યુ–૧૪ ૧૪, પેથાણી કાવ્યા ૩૬ કેજી ગોલ્ડ મેડલ યુ–૧૪ ૧૫, માનકોલીયા હાર્દિક ૫૦ કેજી યુ–૧૪ ૧૬, વાળા યશરાજ ૫૫ કેજી યુ–૧૪ સાથે સુવર્ણ પદક પ્રાપ્ત કરેલ. તેમજ ૧. મકવાણા આરદીપ યુ–૧૯ ૬૬ કેજી, ૨. મૂળિયા સાધના યુ–૧૯ ૪૮ કેજી, ૩. ચૌહાણ જયરાજ યુ–૧૭ ૪૫ કેજી, ૪. લાખાણી આરૂષિ યુ–૧૪ ૩૨ કેજી, ૫. રાઠોડ યશ્વી યુ–૧૭ ૪૦ કેજી. રજત પદક પ્રાપ્ત કરેલ અને ૧. અજાણી જેની યુ–૧૭ ૫૨ કેજી, ૨. ચૌહાણ સાનવી યુ–૧૯ ૪૦ કેજી, ૩. રાઠોડ ભાવેશ યુ–૧૯ ૬૦ કેજી, ૪. વકાતર ખુશાલી યુ–૧૪ ૪૪ કેજી, ૫. પાનસુરીયા દક્ષ યુ–૧૭ ૭૩ કેજી, રાજય કક્ષાએ કુરાશ રમતમાં શાળા પરિવારનું નામ રોશન કરેલ છે. સંસ્થાના અનુભવી તજજ્ઞો ધ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ ધ્વારા પ્રશિક્ષણ મેળવી સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ છે. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અને કોચ ધ્રુવરાજસિંહ ગોહિલ, ટ્રેનર–કૃષા ચૌહાણને અભિનંદન પાઠવ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું દીપડાનું મોત નિપજયું

ધનજીભાઈની વાડી નજીક આવેલ લીંમડાનાં ઝાડ આવેલ હોય અને આ લીંબડા ઝાડ પરથી આ દીપડાએ નીચે છલાંગ લગાવતા બાજુમાંથી પીજીવીસીએલના પસાર થતાં વીજવાયરને દીપડો સ્પર્શ થતા તેમને ઈલેકટ્રીક શોક લાગતાં દીપડો નીચે ખાબકયો હતો.

આમ દીપડાનું અકસ્માતે મોતનું મોત થયાની જાણ થતાં જ વન વિભાગની અને પીજીવીસીએલની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતક દીપડાનાં મૃતદેહને પી.એમ. માટે એનિમેલ કેર સેન્ટર ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

**સંકુલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ – ડાયરેક્ટર જોઈએ છે.**

* ઈંગ્લીશ મિડીયમ KG થી ધો. ૧૨ કોમર્સ સાયંસ હાલ ની ICSE & GSEB સ્કૂલ તેમજ ભાવી CBSE સ્કૂલ સંભાળી શકે તેવા
* ઈંગ્લીશ મિડીયમ માં ભણેલ અથવા ઈંગ્લીશ લેંગ્વેઝ ઉપર પ્રભુત્વ ધરાવતા ઉમેદવારે સંસ્થાનો સંપર્ક સાધવા વિનંતી

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 153

**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

## પાના ૧ ઉપરનું ચાલું વિદ્યાર્થીમાં કોંગો ફીવરનાં લક્ષણ

સાવરકુંડલા ગામે આવેલ એક આશ્રમની શાળામાં ધોરણ ૧૧ માં અભ્યાસ કરતાં એક ૧૬ વર્ષનાં વિદ્યાર્થીને છેલ્લા કેટલાંક દિવસથી તાવ આવતો હોય, સામાન્ય રીતે ડોકટરની દવા શરૂ હોય ત્યારે તાવ નહીં ઉતરતાં આ વિદ્યાર્થીનો લેબોરેટરી ટેસ્ટ કરાવતાં કોઈ શંકાસ્પદ જણાતાં તેમના બ્લડ સેમ્પલ અમદાવાદ મોકલવામાં આવેલ હતો. બાદમાં કોંગો ફીવરનો લક્ષણ જોવાં મળતાં આ વિદ્યાર્થીને પ્રથમ સાવરકુંડલા અને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

ત્યારે આ કેસ કોંગોફિવરનો શંકાસ્પદ હોવાની શકયતા હોય. ત્યારે આ બનવાથી અમરેલી જિલ્લામાં ભારે ખળભળાટ મચી જવાં પામેલ છે. ત્યારે બનવાની જાણ આરોગ્ય વિભાગને થતાં અમરેલી આરોગ્ય વિભાગના અધિકારી ડો. એ. કે.સિંગ સહિતની ટીમ સાવરકુંડલા ગામે ઘટના સ્થળે દોડી આવી હતી. અને અન્ય લોકોનાં પણ બ્લડ સેમ્પલ મેળવ્યાં હતાં. જયારે બપોર બાદ સાવરકુંડલા પશુ દવાખાનાની ટીમ દ્વારા ગૌશાળા અને આસપાસના વિસ્તારમાં કરવામાં આવેલ છે. અને આ આશ્રમ શાળા તથા ગૌશાળામાં દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લગભગ ૧૨ વર્ષ પહેલાં બાબરા તાલુકાના કરિયાણા ગામમાં આશરે આઠ જેટલા કોંગો ફીવર કેસ સામે આવ્યા હતા. ઉપરાંત સાવરકુંડલા લીલીયા ધારી સહિતના વિસ્તારમાં પણ કોંગો ફીવર તે સમયે દેખાયો હતો.

## ધજડી પ્રાથમિક શાળામાં સત્કાર સમારંભ યોજાયો




સાવરકુંડલા, તા. ૪

ધજડી પ્રાથમિક શાળામાં તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ગુલઝરભાઈ રાઠોડ તેમજ સાવરકુંડલા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના ખજાનચી પરેશભાઈ સતાસિયા તેમજ અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના કારોબારી સભ્ય વિશાલભાઈ ગોહિલ તેમજ બદલી થઈ અને આ શાળામાં હાજર થયેલ સામાજિક વિજ્ઞાનના શિક્ષક ઉમેશભાઈ વરમોરાનો સત્કાર સમારોહ યોજાયો. આ તકે શાળાના આચાર્ય રવજીભાઈ બગડા તેમજ શાળાના શિક્ષક રમણીકભાઈ મારૂ તેમજ શાળાના શિક્ષક ગુલાબબેન કથીરિયા તેમજ મધ્યાહન ભોજનનાં સંચાલક રાજુભાઈ હરિયાણી ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ ઉષ્માભેર આસ્વાગત સમારંભું આયોજન કર્યુ હતું સાથે શાળાના તમામ બાળકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં કરિયાણા ગામની

સુધી અભ્યાસ કરે છે તેની ફી રૂા. ૧૩,૫૦૦ વધુમાં વધુ અને ઓછામાં ઓછી ફી રૂા. ૬૦૦૦ રાજય સરકાર ધ્વારા ફી માફી કરવામાં આવેલ છે. તે અનુસંધાને બાબરાની કરીયાણા ગામની ચાણકય સ્કૂલનાં પ્રિન્સિપાલ તેમજ ટ્રસ્ટીઓ ધ્વારા રત્નકલાકારોના બાળ કોને રૂા. ૬,૦૦૦ ફી હોય અને એફઆરસી પ્રમાણે રૂા. ૧૨,૫૦૦ લેવામાં આવતી હોય. તો તમામ સ્કૂલની ફી રૂા. ૬,૦૦૦ હોય તો ઉપરના વધતી રકમ રત્ન કલાકારોના બાળકોને આગળના વર્ષે જમા લેવા આવતા નથી કે પરત આપવામાં આવતા નથી. પરંતુ ચાણકય સ્કૂલ ધ્વારા રત્નકલાકારોના બાળકોને સ્કૂલ નોંધણી કે ટ્રસ્ટ નોંધણી વગરની ફીની પહોંચ આપવામાં આવે છે. જેથી આ ચાણકય સ્કૂલ ધ્વારા આશરે રૂા. ૨૫ લાખ જેટલું કૌભાંડ કરેલ હોય. જેથી ચાણકય સ્કૂલના પ્રિન્સિપાલ તથા ટ્રસ્ટી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવા તેમજ દિન–૭ માં અમોને ન્યાય ન મળે તો બાબરા તાલુકા ડાયમંડ એસોસીએશન ધ્વારા સમગ્ર હીરા ઉદ્યોગ બંધ પાળી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે. તેમ અંતમાં જણાવેલ છે.

**:: જાહેર નોટિસ ::**

હું નીચે સહી કરનાર વિકાસ ડી. વડેરા તે એડવોકેટ અમરેલી, આથી લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જાણ કરીએ છીએ કે, અમારા અસીલ એવા રીનાબેન ઉદયભાઈ વિઠલાણી દ્વારા અમારી પાસે તેમની માલિકીની મિલકત એવા રહેણાંક મકાન, ચક્કરગઢ રોડ આનંદનગરમાં રે.સ. નં. ૫૨૭/૨ બિનખેતીમાં થયેલ પ્લોટો પૈકી પ્લોટ નં ૯ પૈકી દક્ષીણ બાજુનો વિભાગ જેનું ક્ષેત્રફળ ૯૦ – ૦૦ ચો. મી. માં બંધાયેલ રહેણાંક મકાન આવેલ છે જેનો બિલ્ટ – અપ એરિયા ૬૮ – ૨૮ ચો.મી. બાબતે અમારી પાસેથી ટાયટલ ક્લીયર રીપોર્ટ માંગેલ હોય જે મિલકત તેઓએ પ્રભાબેન દેવજીભાઈ રંગપરીયા પાસેથી રજી. વે. દ. નં. ૨૦૯૬થી તા. ૨૮/૦૪/૨૦૨૫, ના રોજ ખરીદ કરેલ હોય અને પ્રભાબેન દેવજીભાઈ રંગપરીયાએ આ મિલકત કાનજીભાઈ નાગજીભાઈ સાવલિયા અને મનસુખભાઈ શંભુભાઈ ગજેરાનાં કુલમુખત્યાર ઘનશ્યામભાઈ શંભુભાઈ સાંગાણી પાસેથી રજી. વે. દ . નં. ૨૫૮૧ થી ૨૫/૦૩/૨૦૧૧ ના રોજ ખરીદ કરેલ છે.

તેમજ આ મિલકત કાનજીભાઈ નાગજીભાઈ સાવલિયા અને મનસુખભાઈ શંભુભાઈ ગજેરાએ ગ્રીન લેન્ડ ડેવલોપર્સના ભાગીદાર પાસેથી વે. રજી. દ. નં. ૮૫૩ થી તા. ૦૭/૦૪/૧૯૯૮ ના રોજ ખરીદ કરેલ હોય અને ગ્રીન લેન્ડ ડેવલોપર્સના ભાગીદારો ઈમરાન ઈકબાલભાઈ અને ઈલીયાસ રજાકભાઈ ડબાવાલાએ આ મિલકત વે.રજી.દ.નં.૪૪૫થી તા. ૦૨/૦૩/૧૯૯૮ ના રોજ (૧) અહેમદ હુસેન રહેમાન કાદરી (૨) નુરૂનીશા નાઝીરહેમદ કાદરી (૩) અશરફુનિશા નાઝીરહેમદ કાદરી (૪) હબીબ રહેમાન નાઝીરહેમદ કાદરી (૫) રફીક રહેમાન નાઝીરહેમદ કાદરી (૬) મહમદ હનીફ નાઝીરહેમદ કાદરીનાં કુલમુખત્યાર એવા હબીબ રહેમાન નાઝીરહેમદ કાદરી અને એમ ઉપરોકત બન્ને કુલમુખત્યાર એટલે કે પાવર ઓફ એટર્ની જે તે વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતા અને ઉપરોકત કુલમુખત્યારનામાં જે તે દસ્તાવેજ સમયે રદ થયેલ નહોતા તેમજ ઉપરોકત કુલમુખત્યારનામાં પૈકી વે. રજી. દ. નં. ૪૪૫થી તા. ૦૨/૦૩/૧૯૯૮ના કુલમુખત્યાર એવા હબીબ રહેમાન નાઝીરહેમદ કાદરી એ વેચાણ દસ્તાવેજ કરી આપેલ તે પાવર ઓફ એટર્ની ગુમ થયેલ છે, તે બાબતે તમામ જરૂરી તપાસ કરતા અને લાગતા વળગતાને પૂછપરછ કરતા કોઈ પાસે કે કોઈ જગ્યાએથી મળી આવેલ નથી અને એ બાબતે આજ દિન સુધી કોઈ જગ્યાએ કોઈ ફરિયાદ કે દાવો દાખલ થયેલ નથી તેમ છતાં ઉપરોકત કુલમુખત્યારનામાં બાબતે લગતા વળગતા કોઈ ઈસમોને પોતાનું હિત સમાયેલ હોય અને જો અમો એડવોકેટ વિકાસ ડી. વડેરા ઉપરોકત મિલકત બાબતે ટાયટલ ક્લીયર રીપોર્ટ આપવાથી કોઈપણ વ્યકિત, સંસ્થા, સંગઠનનું હિત જોખમાતું હોય તો અમારા ઓફીસના સરનામે આધાર પુરાવા સાથે આજથી દિવસ સાત સુધીમાં સવારે ૧૦ – ૦૦ થી સાંજે ૬ – ૦૦ વાગ્યા સુધી રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા અમોને જાણ કરવી અને સાત દિવસ સુધીમાં કોઈ ઈસમ દ્વારા વાંધો તકરાર કે કોઈ પુરાવા અમોને પહોચતા કરવામાં નહિ આવે તો સાત દિવસ બાદ ઉપરોકત મીલકત સબંધે કોઈને વાંધા સરખું નથી તેમ સમજીને ટાયટલ ક્લીયર રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈપણ પ્રકરના કોઈપણ ઈસમો દ્વારા વાંધો તકરાર કે પુરાવા ગ્રાહય રાખવામાં આવશે નહિ.

**વિકાસ ડી. વડેરા, એડવોકેટ**
દુકાન નં,. ૧૨૬ , વ્હાઈટ હાઉસ, એસ.ટી. ડેપો સામે,
સ્ટેશન રોડ – અમરેલી મો. ૯૪૨૬૨૮૮૧૯૨

## પાના ૧ ઉપરનું ચાલું મહિલા સંચાલકને ૨ વર્ષની સાદી સજા

સંચાલક રેશમા પટેલ દ્વારા વિઝાની ફીની રકમ તથા કોન્સ્ટોલેશન ચાર્જ સહિતની ફીની માંગણી કરવામાં આવી હતી. અન ફરિયાદી દ્વારા આ સમગ્ર રકમ ફરિયાદી દ્વારા આ સમગ્ર રકમ ઓનલાઈન google પેજ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપરોકત કોઈ કામગીરી કરવામાં ન આવતા ફરિયાદી દ્વારા પોતાની રકમ પરતની માંગણી કરતા તેઓએ પોતાના ખાતાનો ચેક આપેલ ત્યારે ફરિયાદી દ્વારા આરોપીનો આ ચેક પોતાના ખાતામાં નાખતા. આ ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત ફરેલ ત્યારબાદ ઋષિત મહેતાએ પોતાના એડવોકેટ દ્વારા વડોદરાના રહેવાસી રેશમા પટેલ સામે સાવરકુંડલા પ્રિન્સિપાલ સિનિયર સિવિલ અને ADDL CJM કોર્ટ સમક્ષ નેગોસીબલ ઈન્સ્ટુમેન્ટની કલમ ૧૩૮ મુજબ આ રકમ મેળવવા માટે પોતાના એડવોકેટ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવે ત્યારબાદ ૪ ડિસેમ્બરના રોજ પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ ADDL CJM અને એફ.એમ. પઠાણ, આ કેસનો ચુકાદો આપવામાં આવે જેમાં આરોપી રેસમાં પટેલને દોષિત ઠેરવીને તેમને બે વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ કરતા ડબલ એટલે રૂપિયા બે લાખનો દંડ ફટકારવામાં આવેલ. આ ચુકાદાથી કાયદેસરનું લેણું ચૂકવવામાં આનાકાની કરતા અને બહાનાબાજી કરતાં લોકો માટે આ ચુકાદો લાલ બત્તી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૦ | ૧૫૧૫ |
| ૨ | કપાસ કોડી | ૧૦૭૬ | ૧૨૬૧ |
| ૩ | મગફળી | ૯૯૯ | ૧૨૪૧ |
| ૪ | સોયાબીન | ૮૧૧ | ૮૫૦ |
| ૫ | વાલ | ૬૦૧ | ૬૦૧ |
| ૬ | ઘઉં | ૫૫૧ | ૫૫૧ |
| ૭ | મેથી | ૮૦૧ | ૮૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૩૦ | ૧૩૩૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૦૩ | ૧૩૨૦ |
| ૩ | શિંગ મોટી | ૯૦૦ | ૧૩૫૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૮૬ |
| ૬ | તલ કાળા | ૨૦૭૦ | ૫૪૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૦૧૫ | ૨૨૫૦ |
| ૮ | બાજરો | ૫૮૨ | ૫૮૨ |
| ૯ | જુવાર | ૭૪૦ | ૮૪૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૪૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૧ | ૫૪૧ |
| ૧૨ | મકાઈ | ૩૧૦ | ૩૧૦ |
| ૧૩ | મગ | ૮૦૦ | ૧૪૯૫ |
| ૧૪ | અડદ | ૯૦૫ | ૧૩૦૦ |
| ૧૫ | ચણા | ૮૨૩ | ૧૦૫૭ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૧૭ | સફેદ ચણા | ૭૪૦ | ૧૦૬૦ |
| ૧૮ | તુવેર | ૮૦૦ | ૧૨૬૦ |
| ૧૯ | કપાસ | ૯૭૧ | ૧૫૩૮ |
| ૨૦ | એરંડા | ૧૧૪૨ | ૧૩૧૭ |
| ૨૧ | જીરૂ | ૨૪૫૦ | ૩૯૫૦ |
| ૨૨ | ધાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ૨૩ | સોયાબીન | ૬૯૧ | ૮૮૪ |
| ૨૪ | મરચા લાંબા | ૭૯૦ | ૩૩૯૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૪૦ | ૧૫૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૧૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૦૯ | ૧૩૨૧ |
| ૪ | અડદ | ૯૧૦ | ૧૨૩૦ |
| ૫ | ચણા | ૯૭૮ | ૧૦૯૨ |
| ૬ | જીરૂ | ૩૨૩૦ | ૩૯૯૦ |
| ૭ | ઘઉં | ૪૭૦ | ૫૫૦ |
| ૮ | તલ સફેદ | ૧૬૮૫ | ૨૦૮૫ |
| ૯ | તલ કાળા | ૩૧૨૦ | ૪૬૭૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૫ | ૮૬૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૨૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૩૭૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૫૩ |
| ૪ | તલ કાળા | ૪૫૦૦ | ૫૦૧૦ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૧૦૦ |
| ૬ | કપાસ | ૧૦૫૦ | ૧૫૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૬૫ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૩૮ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૯૪૦ |
| ૧૧ | અડદ | ૭૮૦ | ૧૦૦૦ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૦૩૦ |
| ૧૩ | તુવેર | ૮૪૬ | ૧૧૮૦ |
| ૧૪ | મેથી/ચોળી | ૧૪૩૧ | – |
| ૧૫ | સોયાબીન | ૬૫૦ | ૮૫૧ |
| ૧૬ | વાલ | ૪૬૧ | – |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૩૮ | ૧૫૬૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૯૦ | ૧૦૬૬ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૧ | ૧૪૫૫ |
| ૨ | કપાસ કોડી | ૯૦૧ | ૧૧૯૬ |
| ૩ | મગફળી | ૯૦૬ | ૧૨૫૧ |
| ૪ | ઘઉં | ૪૬૦ | ૫૨૫ |
| ૫ | ચણા | ૮૮૫ | ૧૦૩૧ |
| ૬ | તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૭ | ધાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| ૮ | જીરૂ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૯ | શીંગદાણા | ૧૧૯૫ | ૧૩૧૩ |
| ૧૦ | બાજરો | ૩૮૫ | ૩૮૫ |
| ૧૧ | મેથી | ૯૦૫ | ૯૦૫ |
| ૧૨ | એરંડા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૩ | સોયાબીન | ૭૧૭ | ૮૬૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૨૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૨૫ |
| ૪ | અડદ | ૯૦૦ | ૧૦૩૦ |
| ૫ | ચણા | ૧૦૦૧ | ૧૦૪૦ |
| ૬ | ધાણા | ૧૮૦૦ | ૧૮૭૫ |
| ૭ | મેથી | ૮૦૦ | ૮૨૫ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૯ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૩૪ |
| ૧૦ | સોયાબીન | ૮૧૦ | ૮૮૪ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૬૨૦ |
| ૧૨ | મગફળી | ૮૨૫ | ૧૦૩૦ |
| ૧૩ | ચણા છોલે | ૧૬૦૦ | ૧૬૫૦ |
| ૧૪ | શીંગફાડા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | ચણા સફેદ | ૯૫૦ | ૯૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૧૧ | ૧૨૨૭ |
| ૨ | તલ સફેદ | ૧૮૬૧ | ૨૪૭૬ |
| ૩ | તલ કાળા | ૩૦૦૧ | ૩૦૦૧ |
| ૪ | તલ પીળા | ૨૨૨૩ | ૨૨૨૩ |
| ૫ | કપાસ | ૯૦૦ | ૧૪૭૯ |
| ૬ | બાજરો | ૩૭૧ | ૫૨૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૬ |
| ૮ | જુવાર | ૪૪૦ | ૧૦૦૦ |
| ૯ | મગ | ૯૭૦ | ૨૨૫૧ |
| ૧૦ | અડદ | ૭૨૬ | ૯૫૧ |
| ૧૧ | તુવેર | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૧૨ | ચણા | ૯૫૦ | ૧૦૧૫ |
| ૧૩ | સોયાબીન | ૫૦૦ | ૮૫૦ |
| ૧૪ | રાય | ૧૭૫૫ | ૧૭૫૫ |

# અમરેલીમાં કુતરા કરડવાથી બચવા અંગે વિસ્તૃત માહિતી અપાઈ



અમરેલી ચીફ ઓફિસર વી.સી.રાઠોડ નગરપાલિકાની યાદીમાં જણાવ્યા અનુસાર એનિમલ વેલ્ફેર બોર્ડની ગાઈડલાઈન અનુસાર એનિમલ બર્થ કન્ટ્રોલ રૂલ્સ મુજબની કાર્યવાહી કરવા સારૂં પ્રાદેશીક કમિશ્નર ભાવનગર દ્વારા સુચના આપવામાં આવતા અમરેલી નગરપાલિકા દ્વારા શહેરમાં વધતા કુતરા કરડવાના બનાવને ધ્યાનમાં રાખીને જુદી–જુદી શાળાઓ જેવી કે સન રાઈઝ વિદ્યાલય જેશીંગપરા, સરસ્વતી વિદ્યાલય જેશીંગપરા, સરસ્વતી વિદ્યામંદિર લાઠી રોડ, જી.જી.બેન ફોરવર્ડ ગર્લ્સ સ્કુલ વગેરે શાળાના વિદ્યાર્થીઓને કુતરા કરડવાથી કેવી રીતે બચવું, કઈ તકેદારી રાખવી, અને કઈ પરિસ્થિતિમાં તાત્કાલિક સારવાર લેવી તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી તેમજ તેના પેમ્પ્લેટ પણ આપવામાં આવેલ હતા તેમજ ભવિષ્યમાં આવા કુતરાઓને પકડવા માટેના તેમજ રસીકરણ તેમજ ખસીકરણ કરવાના આયોજન હાથ ધરવામાં આવનાર છે. ઉપરોક્ત જાગૃતિ ફેલાવવાના કાર્યક્રમ સારૂં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશીના સંપૂર્ણ સહયોગથી કામગીરી કરવામાં આવેલ હતી. ઉપરોક્ત કામગીરી સેનેટરી ઈન્સપેકટર એન.બી.ચાવડાના માર્ગદર્શન હેઠળ સંસ્થાના કર્મચારી હરેશભાઈ ભંડેરી દ્વારા કરવામાં આવેલ હતી. આ અભિયાન આવનાર દિવસોમાં વધુ શાળાઓ તેમજ જાહેર સ્થળો ઉપર યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. તથા નગરપાલિકા દ્વારા કુતરાના ત્રાસ માટે જરૂરી પગલા લેવામાં આવશે.

### ધારાસભ્ય જનક તળાવીયાએ કર્યુ ખાતમુહૂર્ત

## ભૈવાહ : દામનગર ખાતે રૂપિયા ૩૬ લાખનાં ખર્ચે આરોગ્ય સબ સેન્ટર બનશે

### દર્દીનારાયણનાં હિતમાં મહત્વનો નિર્ણય

દામનગર, તા. ૪

દામનગર વિસ્તારમાં આરોગ્ય સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ વિકાસાત્મક પગલું ભરવામાં આવ્યું છે. દામનગર ગામ ખાતે નવીન આરોગ્ય સબ સેન્ટરનું ખાતમુહૂર્ત વિધિવત રીતે ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે યોજાયું હતું. આ સબ સેન્ટર રૂા. ૩૬ લાખના અંદાજિત ખર્ચે નિર્માણ થશે, આગામી દિવસોમાં કામને તાત્કાલિક ગતિ આપવામાં આવશે.

આ પ્રસંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે સરકાર ગ્રામ્ય આરોગ્ય વ્યવસ્થામાં સતત સુધારાઓ લાવવા માટે પ્રતિબધ્ધ છે અને દામનગર જેવી વિસ્તૃત વસાહત ધરાવતા વિસ્તારમાં સબ સેન્ટરનું નિર્માણ થવાથી અહીંના લોકોને પ્રાથમિક આરોગ્ય સેવાઓ ઘર આંગણે ઉપલબ્ધ થશે. તેમજ વિવિધ આરોગ્ય યોજનાઓનો લાભ લોકો સુધી ઝડપથી અને સરળતાથી પહોંચાડવામાં પણ મદદ મળશે.



આ પ્રસંગે શહેર ભાજપ સંગઠનના હોદેદારો, નગરપાલીકાના પ્રમુખ સહિતના સભ્યો સ્થાનિક ગ્રામજનો, સ્વાસ્થ્ય વિભાગના પ્રતિનિધિઓ અને સમાજના આગેવાનો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહેલા. આ પ્રસંગે ગ્રામજનોમાં હર્ષનું વાતાવરણ જોવા મળ્યું.

નવા સબ સેન્ટરથી માતા–બાળ આરોગ્ય, રસીકરણ, સામાન્ય સારવાર, આરોગ્ય માર્ગદર્શન જેવી સેવાઓ વધુ સુચિત અને ગુણવત્તાયુક્ત રીતે મળી રહેશે.

અંતમાં જણાવાયું કે કામ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે તમામ પ્રક્રિયા ઝડપથી હાથ ધરવામાં આવી રહી છે અને દામનગરની આરોગ્ય સુવિધાઓને નવા સ્તરે લઈ જવાનો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો.

### સાગરખેડૂની જીવનશૈલી વિષે પુસ્તક પ્રસિધ્ધ કરનાર

## જાફરાબાદનાં લેખક વિષ્ણું ભાલિયાને આઈડેન્ટીટી એવોર્ડ એનાયત

### ''ખારા પાણીને ખખ્મા'' જેવા અનેક પુસ્તક પ્રસિધ્ધ કર્યા


જાફરાબાદ, તા. ૪

૨ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ અતુલ્ય વારસો સંસ્થા દ્વારા ગાંધીનગર શહેર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતની જાળવણી અને જનજાગૃતિના કામ સાથે સંકળાયેલા અને સંસ્કૃતિના સૈનિક તરીકે સેવારત ઉપાસકોને 'અતુલ્ય વારસો આઈડેન્ટીટી એવોર્ડ' અર્પણ કરવામાં આવ્યો. જેમાં ગુજરાતના દરેક જિલ્લામાંથી વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વ્યક્તિઓને નિર્ણાયક ટીમ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં ચિત્રકલા, સાહિત્ય, પ્રકાશન, સંશોધન, નૃત્ય, સંગીત, લોકવાદ્ય, લોકસાહિત્ય, પર્યાવરણ, હેરિટેજ સંવર્ધન, હસ્તકલા, પ્રવાસન, લેખન, શિક્ષણ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ભવાઈ, પત્રકારત્વ વગેરે ક્ષેત્રે કામ કરતા લોકોને સન્માનિત કરવામાં આવે છે.આ બાબતે અમરેલી જિલ્લામાંથી બે વ્યક્તિઓ આ એવોર્ડ માટે પસંદગી પામ્યા હતા. વિષ્ણુભાઈ ભાલિયા લેખન માટે અને




વિપુલભાઈ ભટ્ટી લોકવાદ્ય માટે. જેમને તારીખ ૨ ડિસેમ્બરના રોજ ગાંધીનગર ખાતે આ એવોર્ડ અર્પણ થયો હતો. આ સમારોહમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ખાસ હાજર રહ્યા હતા. તેમજ આ પ્રસંગે રાજયના પૂર્વ મુખ્ય સચિવ પી. કે. લહેરી, અતુલ્ય વારસોના સંસ્થાપક કપિલ ઠાકર, ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડો. હર્ષદભાઈ પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવ, સવાણી હેરિટેજ કન્ઝર્વેશનના મેનેજિંગ ડાયરેકટર રામભાઈ સવાણી, અધિક કલેકટર પ્રદીપસિંહ રાઠોડ, જાણીતા કલાકાર અન્નપુર્ણા શુકલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## દેશી કુળની ગાયનાં ગૌમુત્રનું વૈજ્ઞાનિક, તબીબી મૂલ્ય ગૌમૂત્રનું સેવન કરશે અનેક રોગોનું નિકંદન



અમરેલી, તા. ૪

ગાયના દુધનું જેટલું મહત્વ છે તેટલું જ ગૌમૂત્રનું પણ મહત્વ છે. પ્રાચીનકાળથી જ હિન્દુ ધર્મમાં ગાયને માતા કહેવામાં આવે છે. ગાયનું દૂધ, તેનું ઘી, તેનું છાણ વગેરે વસ્તુઓ શરીરને સ્વસ્થ રાખે છે. એટલું જ નહીં પરંતુ ગાયનું ગૌમૂત્ર પણ સ્વાસ્થ્ય માટે એટલું જ લાભદાયી છે. ગાયનું મૂત્ર રોગમુકત બનાવે છે. ભારત દેશમાં ગાયો ઘણા બધા પ્રકારની જોવા મળે છે, પરંતુ દેશી ગાયનું ગૌમૂત્ર શ્રેષ્ઠ હોય છે. તેના મૂત્રમાં વધારે માત્રામાં એષધીય ગુણો જોવા મળે છે.

પ્રાચીનકાળથી જ ગૌમૂત્રનો ઉપયોગ એક ઔષધી તરીકે કરવામાં આવે છે. ગૌમૂત્ર જીવાણુનાશક હોય છે અને તેમાં નાઈટ્રોજન, કોપર, ફોસ્ફેટ, પોટેશિયમ અને યુરિક એસિડ જેવા મહત્વનાં અનેક ઘટકો રહેલા હોય છે. જે ઘણા રોગોને દૂર કરી શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. નિયમિત રીતે ગૌમૂત્રનું સેવન કરવાથી રોગપ્રતિકારક શકિત વધે છે અને લોહી શુધ્ધ થાય છે. તે મગજ અને હૃદય બંનેને શકિતશાળી બનાવે છે.જો કે ગર્ભવતી હોય તેવી મહિલાએ ગાયનું મૂત્ર પીવું ન જોઈએ. આ ઉપરાંત એક સ્વસ્થ વ્યકિતએ ૪૫ ગ્રામ તેમજ બીમાર વ્યકિતએ ૧૦૦ ગ્રામ ગૌમુત્રનું સેવન કરવું જોઈએ. તેનાથી વધારે સેવન કરવું નહીં. જો વધુ સેવન કરો તો શરીરને નુકસાન પણ થઈ શકે છે.

ગાયનું ગૌમૂત્ર હંમેશા કાચ અથવા માટીના વાસણમાં જ લેવું જોઈએ ત્યારબાદ તેને સ્વચ્છ કપડાંથી ત્રણવાર ગાળી લેવું અને એક કપના ચોથા ભાગ જેટલા ગૌમૂત્રનો સેવન સવારે ખાલી પેટ કરવું જોઈએ.

કેન્સર કરક્યુમીન નામના તત્વની ઉણપથી થાય છે. આ તત્વ ગૌમૂત્રમાં ભરપુર માત્રામાં હોય છે. તેથી તે ગળાનું, પેટનું તથા અન્નનળીનું કેન્સર મટાડવામાં મદદ કરે છે. ટી.બી.ના દર્દી માટે પણ ગૌમૂત્ર લાભદાયી છે. જો કોઈ વ્યકિતને ટીબી હોય તો ડોઝ દ્વારા નવ મહિનામાં ખતમ થઈ જાય છે. જયારે ગૌમૂત્રના નિયમિત સેવનથી તેને ત્રણ થી છ મહિનામાં દૂર કરી શકાય છે.

શરીરમાં સલ્ફર તત્વની ઉણપથી ત્વચા સંબંધી અલગ અલગ રોગો થતા હોય છે. જો ગૌમૂત્રનું નિયમિત સેવન કરવામાં આવે તો ત્વચા સંબંધી કોઈપણ રોગ દૂર કરી શકાય છે. આ ઉપરાંત ત્રિફળા અને ગૌમુત્રનું એક સાથે સેવન કરવાથી એનિમિયાની સમસ્યાને દૂર કરી શકાય છે.

આ ઉપરાંત વાત, પિત્ત અને કફ ત્રણેય નિયંત્રિત કરવા માટે માત્ર એક ગૌમૂત્ર જ કાફી છે. નિયમિત પણે ખાલી પેટ ગૌમુત્રનું સેવન કરવાથી વાત, પિત્ત અને કફ આ ત્રણેય સમસ્યાઓનું નિવારણ લાવી શકાય છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### વાહન ચાલકોએ વૈકલ્પિક રૂટ અનુસરવા માટેના જાહેરનામાની મુદત વધી

## સાવરકુંડલા–મહુવા રોડ પર રેલ્વે ફાટકના ઓવર બ્રિજની કામગીરી પ્રગતિમાં

### જાહેર કરાયેલા વૈકલ્પિક રૂટ તા. ૨૨ જાન્યુઆરી સુધી અમલમાં રહેશે

અમરેલી, તા. ૪

સાવરકુંડલા શહેરમાં સાવરકુંડલા–મહુવા રોડ પર આવેલ રેલ્વે ફાટક નં. ૬૭/બી પર રેલ્વે ફાટક મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રેલ્વે ઓવરબ્રીજની કામગીરી જયાં સુધી પ્રગતિ હેઠળ હોઈ, ત્યાં સુધી રેલ્વે ફાટક નં. ૬૭/બી પરથી પસાર થતા વાહનો માટે અમરેલીના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ વૈકલ્પિક રૂટનું જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ હતું. પરંતુ જાહેર હિત અને વ્યાજબી કારણોને ધ્યાને રાખીને આ જાહેર નામાની અમલવારીની મુદત તા.૨૨/૧/૨૦૨૬ લંબાવવામાં આવી છે.

વૈકલ્પિક રૂટ–૧ મુજબ અમરેલી હાઈવે તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ મહુવા–રાજુલા તરફ જતા–આવતા તથા મહુવા–રાજુલા તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ અમરેલી તરફ જતા–આવતા ભારે તથા મોટા વાહનોએ સાવરકુંડલા બાયપાસ રોડ ઉપરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ–૨ અનુસાર સાવરકુંડલા શહેરમાંથી મહુવા–રાજુલા તરફ જતા–આવતા તથા મહુવા–રાજુલા તરફથી સાવરકુંડલા શહેરમાં જતા–આવતા દ્વિચક્રી અને થ્રીચક્રી વાહનોએ સૂચિત બ્રીજ (રેલ્વે ફાટક)ની બંને સાઈડના સર્વિસ રોડ ઉપરથી પસાર થવાનું રહેશે.વૈકલ્પીક રૂટ–૩ મુજબ સાવરકુંડલા શહરેમાંથી મહુવા–રાજુલા તરફ આવતા–જતા નાના તથા મધ્યમ વાહનોએ માર્કેટીંગ યાર્ડ પાસેના રેલ્વે અંડરપાસ માંથી પસાર થવાનું રહેશે. આ જાહેરનામું તા. ૨૨/૧/૨૦૨૬ સુધી અમલી રહેશે.

### યુવા એડવોકેટ રિષિ પ્રમોદભાઈ રૂપારેલીયાની દલીલો સફળ

## બાબરા : વડીલો પાર્જીત ખેતીની જમીનમાં વહેંચણી કરાવી લેવાનો અરજદાર વાદીનો દાવો રીજેકટ

### સ્થાનિક સિવિલ કોર્ટનો મહત્વનો ચુકાદો

બાબરા, તા. ૪

બાબરા અરજદાર વાદી ગુલાબબેન રાજેન્દ્રભાઈ બસિયાએ તેમના પતિની વડીલોપાર્જીત ખેતીની જમીનમાં અને રહેણાંક મકાનમાં પોતાના હિસ્સાની વહેચણી કરાવી લેવા અને હક સ્થાપન અને કાયમી તાકીદની દાદ મેળવવા અંગે બાબરા સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરેલો હતો અને જેમાં તેમના પતિની અલગ અલગ ખાતા નંબરથી આવેલી જમીનોમાં પોતાનો વારસાઈ દરજ્જે હક હિસ્સો મેળવવા માટે અને એવા આક્ષેપ સાથે દાવો કરવામાં આવેલ કે તેમના પતિએ અરજદાર વાદીને હક હિસ્સો આપવો ન પડે તેવા બદ ઈરાદાથી વડીલોપાર્જીત વારસાઈવાળી તમામ જમીનમાંથી નામ કમી કરાવેલ છે અને રહેણાંક મકાન, ખેતીની જમીનમાં પોતાનો વારસાઈ દરજ્જે હક હિસ્સો સમાયેલો હોય તેની વહેંચણી કરવા માટેની માગણી કરતો દાવો કરેલ અને અરજદાર વાદીએ લાઠી નાયબ કલેકટરની કોર્ટમાં તેમના પતિએ વડીલો પાર્જીત ખેતીની જમીનોમાં હકક કમી કરાવેલ તે નોંધ સામે લેન્ડ રેવન્યુ કોડના કાયદાની કલમ અન્વયે અપીલ દાખલ કરેલ અને તે અપીલમાં નાયબ કલેક્ટર દ્વારા વાદગ્રસ્ત મિલકતમાં અરજદાર વાદીના હકીકત બાબતે સિવિલ કોર્ટ દ્વારા નિર્ણય ન થાય ત્યાં સુધી તબદીલ ન કરવા હુકમ કરવામાં આવે છે તેઓ હુકમ કરેલો અને તેના આધારે અરજદાર વાદી દ્વારા બાબરા સિવિલ કોર્ટમાં અરજદાર વાદીના પતિની વડીલોપાર્જીત ખેતીની જમીનમાં વારસાઈ દરજ્જે અરજદાર વાદીના કાયદેસર હક્ક હિસ્સાની માલિકી કબજા ભોગવટાની છે તેવી દાદ માંગેલ અને દાવાવાળી તમામ જમીનોમાં



અરજદાર વાદી પોતે સીધી લીટીના વારસદાર છે અને તેમાં ૧/૫ હિસ્સો આવેલ છે તેવું ઠરાવી આપવા અને દાવાવાળી જમીનમાં સામાવાળા પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકર એજન્ટ ચાકર મુખત્યાર મારફત પ્રવેશ કરવાનો કરાવવાનો અધિકાર નથી તેમ જ અરજદાર વાદીના કાયદેસરના માલિકીનો ઉપયોગ ઉપભોગ કરવામાં હરકત અટકાયત અવરોધ કરે નહીં કે કરાવડાવે નહીં તેઓ કાયમી હુકમ મેળવવા અને બાબરા ચિતલ રોડ ઉપર આવેલ રહેણાંક મકાનમાં પણ અરજદાર વાદીનો કાયદેસરનો હક હિસ્સો હોવાનું ઠરાવી આપવા અને અરજદાર વાદીનું સોના ચાંદીના દાગીના તેમજ સ્ત્રીધન પ્રતિવાદી પાસે હોવાનું ઠરાવવી આપવા અને આ સ્ત્રીધન અને દાગીના સામાવાળા પ્રતિવાદી કોઈને વેચવા કરે કરાવે નહીં તેવો કાયમી મનાઈ માંગતો હુકમ મેળવવા બાબરા સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરેલ.

બાબરા કોર્ટ દ્વારા સામાવાળા પ્રતિવાદીઓને સમન્સ ઈશ્યૂ કરતા તમામ સામાવાળા પ્રતિવાદીઓ તરફે બાબરાના યુવા અને એડવોકેટ રિષિભાઈ પ્રમોદભાઈ રૂપારેલીયા રોકાયેલા હતા અને વાદી દ્વારા દાખલ કરેલ દાવા સંદર્ભે અરજદાર વાદીના દાવો પ્રાથમિક સ્ટેજે જ રિજેક્ટ કરવા માટે કાયદાનો ઝીણવટ ભર્યો અભ્યાસ કરી અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકી સિવિલ પ્રોસિજર કોડ ઓર્ડર ૭ રૂલ ૧૧ (એ) (ડી) હેઠળ દાવાને કાયદાનો બાદ નડતો હોય અને દાવો લાવવા માટે અરજદાર વાદીને કોઈ કારણ ઉપસ્થિત થતું ન હોય અને અરજદાર વાદી ભારતીય હિન્દુ સક્સેસન એક્ટ અન્વયે ક્લાસ –૧ ની હરોળના વારસદાર ન હોય અરજદાર વાદી દ્વારા ક્લેવર ડ્રાફ્ટિંગ કરી અને દાવાનું કારણ ઉપસ્થિત કરેલ હોય હકીકતમાં અરજદાર વાદીને દાવો લઈ આવવા માટે કોઈ અધિકાર નથી અને કોઈ કારણ ઉપસ્થિત થતું નથી તેવો ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સાથેનો કાયદાકીય બચાવ લઈ દાવો પ્રાથમિક સ્ટેજે રિજેક્ટ કરવા માટે અરજી આપેલી. જે અરજીમાં અરજદાર વાદી દ્વારા પોતાનો વિગતવાર બચાવ રજૂ કરવામાં આવેલ અને સામાવાળા પ્રતિવાદી તરફે બાબરાના એડવોકેટએ કરેલ કાયદાના ઝીણવટ ભર્યા અભ્યાસ અને દલીલના અંતે બાબરા પ્રિન્સિપાલ સિવિલ જજ ગૌતમસિંહ દેવડા દ્વારા અરજદાર વાદીનો દાવો સિવિલ પ્રોસિજર કોડ ઓર્ડર ૭ રૂલ ૧૧ (એ) હેઠળ રિજેક્ટ કરવામાં આવે છે તેઓ ઓર્ડર કરી અરજદાર વાદીનો દાવો પ્રાથમિક સ્ટેજ જ રદ કરી નામંજૂર કરતો સીમાચિન્હ ચુકાદો આપેલ છે.

કનુભાઈ બસીયા સહિતના પ્રતીવાદીઓ તરફે વિશાલભાઈ રૂપારેલીયા, દિવ્યરાજસિંહ રાણા અને કુલદીપસિંહ ગોહિલ પણ સહયોગમાં જોડાયા.

### આંબા, જામફળ, દાડમ, લીંબુ સહિતનાં પાક માટે

## અમરેલી જિલ્લાનાં બાગાયતી ખેડૂતોને રૂપિયા ૫૦ હજાર સુધીની સહાય મળે છે

### કૃષિ ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા મળે છે આર્થિક સહાય

અમરેલી, તા. ૪

રાજય સરકાર દ્વારા નાગરિકોને સરકારની તમામ યોજનાઓની માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ થઈ શકે તે માટે 'મારી યોજના પોર્ટલ' શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ પર રાજય સરકારની તમામ યોજનાઓની માહિતી, અરજી કરવાની લિંક અને જરૂરી લાયકાતો સહિતની જીણવટભરી વિગતો સરળતાથી મળી જાય છે. આ પોર્ટલ પર ફળ પાક વાવેતર વિસ્તરણ માટે સહાયની માહિતી આપવામાં આવી છે. બાગાયતી પાકોની ખેતીમાં એકમ વિસ્તારમાંથી વધુ આવક મળતી હોય છે અને બારેમાસ કામ મળી રહેતું હોવાથી બાગાયત રોજગારીની તકો પુરી પાડે છે. બાગાયતી વૃક્ષો પર્યાવરણ સુધારવામાં મદદ કરે છે. રાજયમાં બાગાયતી પાકોનો વાવેતર વિસ્તાર વધારવા માટે રાજય સરકારે જુદી–જુદી યોજનાઓ અમલમાં મૂકી છે. ફળપાક વાવેતર વિસ્તરણ માટે સહાય કાર્યક્રમમાં મુખ્યત્વે ઘનિષ્ઠ તેમજ અતિ ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકો–આંબા, જામફળ, દાડમ, લીંબુ, વગેરે માટે પ્રતિ હેકટર લાભાર્થીદીઠ ૪ હેકટરની મર્યાદામાં – રૂા. ૩૦,૦૦૦ થી ૪૦, ૦૦૦ સુધીની સહાય આપવામાં આવી રહી છે. જિલ્લામાં કેળના બગીચા કરવા માગતા ખેડૂતો માટે કેળ ટીસ્યુ પાકના નવા વાવેતરમાં પાકના નવા વાવેતરમાં સહાય– થયેલ ખર્ચના ૪૦ ટકા અથવા મહત્તમ રૂા. ૫૦૦૦૦ પ્રતિ હેકટર સહાય, લાભાર્થીદીઠ ૪ હેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. પપૈયા પાકના નવા વાવેતરમાં ખર્ચના ૫૦ ટકા અથવા મહત્તમ રૂા. ૩૦૦૦૦ પ્રતિ હેકટર, બે હપ્તામાં સહાય આપવામાં આવે છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની આ યોજના માટે તમામ ખેડૂતો અરજી કરી શકે છે. અરજી માટે ખેડૂતોએ જરૂરી દસ્તાવેજોમાં ૭–૧૨નો દાખલો, આધાર કાર્ડ, બેંકપાસ બુક, રદ ચેક આપવાનો રહે છે. આ યોજના માટેની સહાય ઓનલાઈન અરજી દ્વારા આપાવમાં આવે છે.યોજનાની સહાયતા મેળવવા માટેની ઓનલાઈન અરજીની લિંકઃ https://ikhedut.gujarat.gov.in/ikhedutpublicScheme/મારી યોજના પોર્ટલ પર આ યોજના વિશે માહિતી મેળવવા માટેની લિંક : https://mariyojana.gujarat.gov.in/MoreDetalis.aspx

હવે... બદલાશે સારવારની પરીભાષા
કિડની તથા પેશાબ સંબંધિત રોગોનાં નિષ્ણાંત ડોક્ટર દ્વારા ખાસ ઓપીડી
આપણા શહેર અમરેલીમાં
તારીખ : ૦૫/૧૨/૨૦૨૫
નિયમિત દર મહિનાના પહેલા શુક્રવારે ઓપીડી
વધુ માહિતી માટે 97146 63537
સમય : સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી
ડો. રોનક ભાલોડિયા
MBBS, MD (Medicine)
DrNB (Nephrology)
કન્સલટન્ટ, નેફ્રોલોજી
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત.
નામ લખવા માટે સંપર્ક કરો : 99045 93355 ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬

## બાંગ્લાદેશ, પાકિસ્તાન, નેપાળ, શ્રીલંકાની કરન્સી નહી ગીરતી

# ક્યાં કારણ હે કે, હિન્દુસ્તાન કા રૂપિયા પતલા હોતા જા રહા હે

### ૧૨ વર્ષ પહેલા યુપીએ શાસનમાં ડોલર સામે ૧૨ રૂપિયા નીચે આવતા દેકારો થયો હતો

### મીડિયા જગતમાં આપણા એક લોકપ્રિય નેતાએ ઉપરોક્ત વાક્યો રજૂ કર્યા હતા

### આજે તે જ નેતા સત્તા સ્થાને હોય અને ડોલર સામે રૂપિયો દિનપ્રતિદિન નીચે આવી રહ્યો છે

### ૧૨ વર્ષ પહેલા રૂપિયો નબળો પડતા અનેક સેલિબ્રિટીઓ કટાક્ષ કરતા હતા આજે તેઓ ચુપ બન્યા છે

અમરેલી, તા. ૪

તાજેતરમાં અમેરિકન કરન્સી સામે રૂપિયાનું અવમુલ્યન ૯૦ રૂપિયા જેટલુ થયું હોય દેશમાં આયાત થતી ચીજવસ્તુઓ ખાસ કરીને કાચા તેલનાં ભાવોમાં વધારો થવાનું નિશ્ચિત હોય દેશમાં પેટ્રોલ–ડીઝલનાં ભાવોમાં વધારો થશે તેમજ સોના સહિત અનેક ચીજવસ્તુઓનાં ભાવ વધવાથી મોંઘવારીનો બોંબ ફૂટશે તેવું આર્થિક નિષ્ણાંતો માની રહ્યા છે.

આજથી ૧૨ થી ૧૩ વર્ષ પહેલાં યુપીએ સરકારનાં શાસનમાં ડોલર સામે ૧૨ રૂપિયા જેટલો રૂપિયો નીચે આવતાં ત્યારનાં ગુજરાતનાં મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રીએ તે સમયનાં પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંગ ઉપર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે બાંગ્લાદેશ, પાકિસ્તાન, નેપાળ, શ્રીલંકાની કરન્સી નબળી પડતી નથી તો તેવું શું કારણ છે કે ભારતનો રૂપિયો નબળો પડી રહ્યો છે. હું પણ સત્તા ચલાવું છું મને પણ ખબર છે કે રૂપિયો ગમે તેમ નબળો ન પડે. રૂપિયાનું ડોલર સામે અવમુલ્યન એટલે પ્રધાનમંત્રીનું અવમુલ્યન ગણાતું હોય છે.

આજે ઉપરોકત આક્ષેપ કરનાર નેતા પ્રધાનમંત્રી પદે હોય અને ડોલર સામે રૂપિયાનું ઐતિહાસિક અવમુલ્યન થયું હોય છતાં ૧૨ વર્ષ પહેલા પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંગ પર કટાક્ષ કરનાર દેશના ફિલ્મ કલાકારો સહિતની સેલિબ્રિટીનાં મોંમાં દહીં જામી ગયું છે તેમજ મીડિયા જગત પણ ચુપ થઈ ગયું જોવા મળી રહ્યું છે.

## સોમ, ગુરૂ અને શનિ મળે છે ૧ રૂપિયાનું ૧ દાતણ



આયુર્વેદમાં ઋતુ અનુસાર બાવળ, લીમડો, વડ, આંબો, કરંજ વિગેરાનાં દાતણનો ઉલ્લેખ કરેલો છે. "ઓકી દાતણ જે કરે તે ઘર વૈદ ન જાય." આજના ટૂથ બ્રશનાં સમયમાં શાકમાર્કેટની બાજુમાં, જનરલ મેડીકલની સામે, અમરેલીમાં એક ડોશીમાં સોમ, ગુરૂ, શનિ દાતણ વેચવા બેસે છે અને આજીવીકા રળે છે. ૧ રૂપિયાનું એક દાતણ... ૧૦૦% સ્વદેશી અને ૧૦૦% લોકલ ફોર વોકલ.

### રત્ન કલાકારોનાં બાળકોની વધારાની શિક્ષણ ફી પરત કરતા નથી

## બાબરાનાં કરિયાણા ગામની ‘‘ચાણક્ય’’ શાળાનાં ટ્રસ્ટી અને પ્રિન્સિપાલ સામે રૂપિયા ૨૫ લાખનાં કૌભાંડનો આક્ષેપ

### જિલ્લા ડાયમંડ એસોસીએશન દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવાયુ

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લા ડાયમંડ એસોસીએશનનાં પ્રમુખ લલિત ઠુંમરની આગેવાનીમાં રત્ન કલાકારોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, બાબરા તાલુકાના કરીયાણા ગામે ચાણકય સ્કૂલમાં ૬૦૦ જેટલા રત્ન કલાકારોનાં બાળકો ધો. ૧ થી ધો. ૧૨

અનુસંધાન પાના ૬ ઉપર



શિક્ષક / શિક્ષિકા જરૂર છે.
ધોરણ - ૫ અને ધોરણ - ૬ માં અભ્યાસ કરતા મીડિયમ ગુજરાતીના બાળકને ઘરે આવી ટ્યુશન કરાવી શકે, તેવા શિક્ષકભાઈ કે શિક્ષિકાબેન નીચેના સરનામે સંપર્ક કરશો.
સુખનાથ પરા - અમરેલી - મો. 98981 36077

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. ઝિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

Sheetal
લગ્નના પ્રસંગે પ્રેમ, માન અને મીઠાશની એક ભેટ
શીતલ મેરેજ બોક્સ
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી. હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ. નાકરાણી એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ■ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્યસભર દૈનિક
અમરેલીની ધીંગીધરા પરથી સતત ૧૯ વર્ષથી પ્રસિધ્ધ થતાં જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક
આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસમાં
એજન્ટ તેમજ પત્રકારની નિમણુંક કરવાની હોય,
જિલ્લાનાં નાના-મોટા દરેક શહેરો અને ગામોમાંથી નિયમિત સ્થાનિક સમાચાર મોકલી શકે, વર્તમાનપત્રનું નિયમિત વેચાણ કરી શકે તેમજ જાહેરખબર પણ એકત્રીત કરી શકે તેવાં વ્યકિતઓની એજન્ટ તરીકે નિમણુંક કરવાની હોય, ઈચ્છુકોએ નીચે મુજબના સ્થળે રૂબરૂ અથવા મોબાઈલ ઉપર સંપર્ક કરવો
મળવાનો સમય
સવારે : ૧૧ : ૦૦ થી ૦૧ : ૦૦ સુધીમાં
મો. નં. ૯૪૨૮૭ ૦૮૩૩૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
amreli express
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)